
# ‘પાગલ’નો

# પ્રેમાલાપ

(રામકૃષ્ણદેવ પર ૧૦૬ કાવ્યો)




**(રચનાકાળ – ૧૯૪૫)**

## - શ્રી યોગેશ્વરજી

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

* * *



e-book


Title : Pagal No Premalap (Chanting of Love)
Language : Gujarati
Version : 1.0
Pages : 124
Created : November 01st 2017.

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version (**ISBN 978 81 909905 85**). However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * *

## અર્પણ



'જેના પ્રેમમાં મસ્ત છું તે પાગલને.'
હું જ પૂજારી ... મારી જ પૂજા.

*

પ્રેમભેદ કેમ તારો હું જાણી શકું,
તારાં પ્રેમનાં રહસ્ય શે ગાઈ શકું.
કોઈ પામ્યા ન તાગ હું શું તાગી શકું,
થઈ કીડી કોઈક કણ ચાખી શકું !

તારા પ્રેમમહીં મસ્ત શું ગાઈ શકું ?
તું નચાવે છે તેમ હું તો નાચી લઉં !
રહે 'પાગલ' હું અંત સામે હસી લઉં
પ્રેમપ્યાલી તારી બની વિરાજી રહું !

(૨૮ ઑક્ટોબર ૧૯૪૫)

* * *


## શ્રી યોગેશ્વરજી

**(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)**



The ultimate aim of Human Life is Self-Realization.

- Shri Yogeshwarji




* * *

## આત્મનિવેદન

નથી નથી ગાન વિનોદ મારાં, જે હો વિનોદી મુજ ગાન પ્યારાં
ગાઓ નહીં તે, ન વિનોદ આમાં : નથી નથી ગાન વિનોદ મારાં !

પ્રસન્નતાકાજ નથી લખાયાં પ્રસન્ન જે ગાયકને કરી શકે
ઉઠાવતાં આભમહીં હુલાવેઃ એવાં નથી આ મધુ કાવ્ય મારાં !

પ્રસાદ પાંડિત્ય નથી સમાયાં, પાંડિત્યના જે રસિયા જનો તે
કૃપા કરીને નવ ગાન ગાયેઃ પાંડિત્ય એ શું સમજે બિચારાં !

છે ગાન મારાં તુજકાજ ગાયાં, હે પ્રેમના દેવ, તને સુણાવ્યાઃ
તેં પ્રાણતંત્રી જગવી બજાવી, મારા થકી તો સ્વર આ લખાયા !

પુષ્પો થઈને પ્રભુને પદે એ હંમેશ માટે રમતાં વિરાજ્યાં,
નટીસમાં છે નવ કાવ્ય મારાં, ભોળી મહા શુદ્ધ કુમારિકાશાં !

આત્માતણા છે કણ કૈંક એના આલાપમાં ને સ્વરમાં સમાયા;
એ સાધનાનાં ફલ મિષ્ટ મારાં: આરોગશે જીવન અન્ય આમાં !

૧ નવેમ્બર ૧૯૪૫, ગુરૂવાર,
(દેવપ્રયાગ, શાંતાશ્રમ: તપોવન)

* * *

## કૃતિ પરિચય

શ્રી યોગેશ્વર રચિત ‘પાગલનો પ્રેમાલાપ’ કાવ્યસંગ્રહ સંપૂર્ણપણે શ્રી રામકૃષ્ણદેવલક્ષી છે. ૧૦૬ રચનાઓ એમની આસપાસ અને કવિશ્રીના આત્મનિવેદનની બે રચનાઓ એમ કુલ ૧૦૮ કાવ્યોમાં શ્રી યોગેશ્વરનું સંવેદનવિશ્વ ઉઘાડ પામે છે.

કહેવાયું છે કે, ‘Lovers, Lunatics and Poets are same’. અહીં તો શ્રી યોગેશ્વર જ પ્રેમી છે, પાગલ છે અને કવિ છે. એટલે કૃતિ ત્રિપરિમાણી બની રહે છે.

‘તમે જેને ચાહો છો એ જ તમે બની રહો છો’ એ (સાચા) પ્રેમનું સત્ય છે, પ્રેમનું રહસ્ય છે અને એટલે જ કૃતિનો શુભારંભ અત્યંત ઔચિત્યપૂર્ણ અર્પણપંક્તિઓથી થાય છેઃ

> ‘જેના પ્રેમમાં મસ્ત છું તે પાગલને
> હું જ પૂજારી ..... મારી જ પૂજા.’

શ્રી રામકૃષ્ણદેવ પરના અનન્ય પ્રેમમાં ભગવાન-ભક્ત એવો દ્વૈતભાવ ઓગળી ગયો છે એટલે જ કવિશ્રીની આવી અદ્વૈતાવસ્થા સિદ્ધ થઈ છે.

કાવ્યસંગ્રહના પ્રવેશદ્વારે કવિશ્રી વિનમ્રતાનું જાણે તોરણ બાંધતા કહે છે:

> ‘કોઈ ન પામ્યા તાગ હું શું પામી શકું
> થઈ કીડી કોઈક કણ ચાખી શકું.’

અને પછી સીધું શ્રી રામકૃષ્ણદેવને નિવેદન કરે છેઃ

> ‘તેં પ્રાણતંત્રી જગવી બજાવી
> મારા થકી તો સ્વર આ લખાયા.’

આમ ‘પાગલનો પ્રેમાલાપ’ કવિશ્રી ‘સાધનાના મિષ્ટ ફલરૂપે’ ભાવકો આગળ ધરે છે. આ કાવ્યસંગ્રહનાં લગભગ બધાં જ કાવ્યો પ્રભુદર્શન – સ્પર્શન માટે આતુર પ્રેમીહૃદયના પ્રેમાલાપ છે, કેટલાંકમાં શ્રી રામકૃષ્ણદેવનું પ્રભાવક વ્યક્તિત્વ તો કવચિત્ રાષ્ટ્રપ્રેમના ઉદ્ગારો આલેખાયેલા છે.

‘પાગલનો પ્રેમાલાપ’ માં પ્રભુમિલનની આતુરતા પ્રબળપણે પ્રગટે છે, જેમકે;

- પ્રભુજી – હવે નહિ રહે હામ
- પ્રભુજી – હું તમારી પાછળ પાગલ
- મને મોહિની એક તમારા પ્રેમની રે
- તમારી પ્રેમપરબથી તરસ્યું કોઈ ના રહે...વગેરે.

પછી પોતાની પ્રેમાવસ્થા વર્ણવતાં કવિશ્રી કહે છે:

- ચોળી ભભૂતિ અમે પ્રેમની, એ જ જાપ.
- વૃંદાવનમાં કૃષ્ણ તેમ દક્ષિણેશ્વરમાં પ્રભુ મારા.
- અમે તો માંજારીના બાલ

- મેં તારું જ શરણ સ્વીકાર્યું

 પ્રેમમાં ક્યાંક અભેદભાવ સીધો નિરૂપાય છેઃ

- તાણાવાણા જેમ મળ્યા છે આપણા પ્રાણ.
- પાગલ કહે મ્હારું રૂપ તમારી છબી!

 ક્યાંક સીધો ભક્તભાવઃ-

- 'તારી કૃપા વિના લેશ ન ઝાંખી મારી થાયે'
- તેની પદધૂલિ થઈને મારે અંગે લગાવવી રહી.

 ક્યાંક ભારોભાર વિનમ્રતાઃ-

- હું તો માત્ર બંસી, તું બજાવનાર પ્રાણ મારો.
- તું જ કૃપા કર તો ગાઉં તારું ગાણું

 ક્યાંક સીધી વિજ્ઞપ્તિઃ-

'ઓ મોરે ઠાકુર આવો, પ્રેમામૃતથી સ્નાન કરાઓ'

ક્યાંક અરજઃ-

'મા મા કરને તું વકીલાત'

ક્યાંક ખુમારીઃ-

'મારા વિના પળવાર તમે લઈ ના જ શકો છો શ્વાસ'

ક્યાંક કબૂલાતઃ-

'તારો પ્રેમ જ કેવલ યાચું, આથી ભાગ્ય પરમ ના મારે'

છેવટે નિષ્કર્ષ—'પ્રીત ના કરી તો બોલ શી કમાઈ રે...'

સારનો સાર, સીધી શિખામણઃ

'રામકૃષ્ણદેવ સાથે કરી લે સગાઈ રે'

આમ, 'પાગલનો પ્રેમાલાપ' પ્રેમના અનેક સ્તરે પ્રેમતત્ત્વનું એકસરખું પોત ઉપસાવતો પ્રગટે છે. એમાં ઉન્મત્ત-પાગલ દશાનાં વિવિધ રૂપો પણ છે. શ્રી રામકૃષ્ણદેવલક્ષી પ્રબળ—તીવ્ર પ્રેમના ઘોડાપૂરમાં એક વહેળો રાષ્ટ્રપ્રેમનો પણ તરી આવે છે અને - 'તારા પ્રેમાવેશમહીં નહિ ભૂલી જાઉં કર્તવ્યનું ભાન' એ સંકલ્પ સાથે કરુણા—સમસંવેદન કવિવાણીમાં ઝરે છેઃ

'છે દીનહીન છે બંધનમાં બંધાયેલાં

તે સર્વકાજ હો મારા અંતરમાં પીડા.'

•

'આજે તો આ યુગયુગતણી સાધવી પૂર્ણ પૂજા

આવ્યો તેથી અતુલ હરખે મંદિરે હે પ્રભો !'

•

'જ્યાં લગ સર્વે દુઃખ ન જાયે સૃષ્ટિનાં બંધન ભેદાયે
વસુધાના દિવ્ય લલાટે પ્રેમ ને શાંતિનું અર્ચન થાયે
આવો નિઃસ્વાર્થ દયાળું દેવ! પાગલ આશિષ માગે.'

શ્રી રામકૃષ્ણદેવનાં વ્યક્તિત્વને સ્ફુટ કરતાં કાવ્યો એક અનેરી આભા ધારણ કરે છે. જેમકે;

'કામિની અને કાંચન જેમાં જગત રહ્યું બંધાઈ
તેનો સ્વામી બની ગયો તું મોહ ઉભયનો ત્યાગી.'

•

'કથા તહારી રહેશે ગાઈ ઘરઘરમાં નરનારી
હું તો થયો છું પૂરો પાગલ કથા સાંભળી તારી.'

'પાગલનો પ્રેમાલાપ' કવિચેતનાના ઊંડાણ અને સૂક્ષ્મતામાંથી પ્રગટતો—પ્રગટતો છેવટે 'રામકૃષ્ણદેવ રામકૃષ્ણદેવ રામકૃષ્ણદેવ બોલ !' એ ધૂનમાં સ્થિર થઈ,

'જેને સ્મરી પાવન કૈંક થાય, જેને કરી યાદ વિશુદ્ધ થાયે
પાપી સદાકાજ શાંતિ પામે તે રામકૃષ્ણદેવ પ્રભુ હે પ્રસન્ન હો !'

— એવી સર્વમંગલ સાધતી પ્રાર્થનામાં વિરમે છે.

પરિણામે 'પ્રેમાલાપ' અંતે 'પ્રેમરાગ'નું ગૌરવ સાધે છે અને આપણને પ્રતીત થાય છે કે, આ પાગલનો પ્રેમાલાપ નહિ પણ ધીર—ગંભીર—સમજુ—શાણા મન-અંતરમાંથી ઊઠતો રાગ છે, અનુરાગ છે, શુદ્ધ પ્રેમ છે. (અહીં 'પાગલ' નો અર્થ) 'હું--તું'ના ભેદ વિનાનો, પ્રેમમાં સઘળી સૂધબુધ ખોઈ બેસનાર, સર્વસ્વ ન્યોચ્છાવર કરનાર અને સંપૂર્ણ પ્રભુમય થઈ જનાર ઊર્ધ્વ માનવચેતના એ જ સૂચિત છે. માત્ર ચોવીસ વર્ષની વયે આવી સૂક્ષ્મ અનુભૂતિની તીવ્રતાને સચોટ, હૃદયસ્પર્શી અભિવ્યક્તિથી અસરકારક બનાવી 'પાગલનો પ્રેમાલાપ'ના કાવ્યોમાં ઊર્મિ અને અધ્યાત્મનું અદ્વૈત સાધનાર શ્રી યોગેશ્વરની સર્જકપ્રતિભાને કોટિ કોટિ વંદન !

**– તરલા દેસાઈ**

* * *

## અનુક્રમણિકા

૧. વંદન ! સદ્‌ગુરૂદેવ !
૨. પ્રભુજી, આવ્યો દ્વાર તમારે !
૩. મૈં તો જનમ જનમ કો પાપી
૪. પ્રભુજી, હવે નહિ રહે હામ !
૫. પ્રભુજી ! હું તમારી પાછળ પાગલ છું
૬. જે દીનહીન છે બંધનમાં બંધાયેલાં
૭. હે નાથ નારાયણ હે પ્રભો મહા
૮. વહાલા નાથ, લગાડો વાર કહો શાને તમો રે !
૯. અહાહા પ્રભુજી પ્રેમ તમારો !
૧૦. તમારા પ્રેમસાગરને અમારી આજુબાજુ મુક્તરૂપે
૧૧. સંસારની આ સ્થિતિ જોઈને
૧૨. તારા વિના કોને શરણે જવું ?
૧૩. હો મુજકાજે ચરણ તમારાં !
૧૪. પામી તારી પ્રેમપ્યાલી પાગલ બનવું મારે !
૧૫. પ્રભુજી આવો દર્શન દેવા પ્રેમથી રે
૧૬. તારે હાથ વેચ્યું છે શરીર મેં તો !
૧૭. પ્રભો, જુઓ બાલક આ પડ્યો છે
૧૮. અમે ગિરિગુફામહીં વિવિધ આસને રાજતા
૧૯. તજ્યાં ઘર, તજ્યા અમે મહલ
૨૦. તમે ચંદ્ર હું ખરે ચકોરી !
૨૧. પ્રભુજી આવો પ્રેમ કરીને મળવા બાલને રે
૨૨. એકવાર આવી જજો !
૨૩. દુઃખી છે આજે આ જગત
૨૪. દેહ પડ્યો છે પાસ તમારી !
૨૫. કેવી રીતે પૂજન કરું ?
૨૬. પ્રભો આપો ભિક્ષા !
૨૭. આવો છો રખવાળું કરવા નાથ રે
૨૮. દેવ, મને તો આપો પ્રેમ તમારો
૨૯. વૃંદાવનમાં કૃષ્ણ તેમ આ દક્ષિણેશ્વરમાં પ્રભુ
૩૦. અમે તમારા પ્રેમપૂજારી..
૩૧. અમારે શાની ચિંતા દેવ !
૩૨. અમે તો માંજારીના બાલ
૩૩. જોગી પ્રેમપંથ હૈ ન્યારા
૩૪. કરતાં એક તારી યાદ
૩૫. ભાવમાં ડૂબી જવું એ જ એક ભક્તિ નથી
૩૬. તહારી આ માતા ! દુઃખકર દશા
૩૭. હતાં અંધારેલાં ભવન સઘળાં
૩૮. હમ જાતે હૈં હમારે દેશ !
૩૯. મારા વેશ વિષે ના શોચ !
૪૦. મેં તારું શરણ સ્વીકાર્યું
૪૧. ના જાણું શું થવાનું મારું
૪૨. હું તો ચાકર તારો
૪૩. ચઢાવી શિર પર ચરણની ધૂલિ
૪૪. હું તો ભવભવનો છું પાપી !
૪૫. જેના પર દયા થઈ તારી
૪૬. ગમે તેવો જો કે શઠ પ્રેમી
૪૭. સલામી, અંતિમ આજ સલામી !
૪૮. મારા પ્રભુ તો પાગલ છે
૪૯. જે મેં પૂજા કરી તહારી
૫૦. અમે તો તારા પ્રેમપૂજારી
૫૧. આજ ભાગ્ય બસ મારે
૫૨. વહેતાં'તાં તારે હૃદયપટપે સ્રોત મધુરાં
૫૩. તુજને જાણવું ખૂબ કઠિન
૫૪. મારા ઘરમાં ફરી રહ્યો !
૫૫. છોડી જાઉં જ્યારે આજે રાતે
૫૬. તારા વિના કોઈનાયે શરણે જતાં પહેલાં

૫૭. જય જય ગોવર્ધનધારી !
૫૮. પંચવટીની આ પવિત્ર ભૂમિ
૫૯. મેં તારી સાથે મૈત્રી બાંધી
૬૦. પડ્યો છું પાદપદ્મમાં પ્રભો
૬૧. મારી ઈચ્છા તૃપ્ત ન થાય
૬૨. જાગો, ભારતભાગ્યવિધાતા !
૬૩. જ્યાં લગ મારું કાર્ય પૂર્ણ નહિ થાય
૬૪. ઓ સિદ્ધ લોક, માનવને નામે પુકારું તમને આવો !
૬૫. જે જે શક્તિ તમારી હતી
૬૬. મને ના થાઓ કદી અભિમાન
૬૭. જ્યારે વિચાર મુજને થાય
૬૮. કરને એક દૃષ્ટિપાત !
૬૯. ફક્ત અમે પ્રેમના પૂજારી
૭૦. તારી આંખ મારી આંખ સાથે
૭૧. પીને દિવ્ય પ્રેમની પ્યાલી
૭૨. જે કોઈ તારું ધ્યાન ધરે
૭૩. અનેક રૂપ તમારાં
૭૪. પીયે જા, ઓ પીનારા ! પીયે જા !
૭૫. જ્યારે સૃષ્ટિ સકળમાં રાજો
૭૬. જે પ્રેમ કરે તારા પર
૭૭. તારે માટે કેટલો છે પ્રેમ મારા અંતરમાં
૭૮. પ્રભો, છેલ્લેછેલ્લેઃ બહુ બહુ તમે ગાન જગવ્યાં
૭૯. પ્રેમ કરી પ્રભુજી, મારે દ્વારે આવો જી !
૮૦. હંમેશા પ્રાર્થીને
૮૧. અધર્મ જ્યારે પ્રસરે ધરાએ
૮૨. અરે આ કોણ છે ?
૮૩. કેટકેટલા દિનોથી માના અંકમાં
૮૪. કેવો તારો થઉં ભક્ત
૮૫. લીલા જ્યારે પ્રભુજી કરતા
૮૬. મૂર્ખ ના પ્રેમભક્તિમાં ભળે
૮૭. અવિચળ આનંદે જીવન મારું પૂર્ણ કરીશ સદાય
૮૮. તમારું રૂપ છે નહીં કાંઈ
૮૯. અમે પ્રેમનગરના વાસી
૯૦. તારી સાથે પ્રીત બાંધી
૯૧. મુખે તારું નામ – હૃદે તારું ધ્યાન !
૯૨. કંટક થઈ થઈને પાની મારી છોને ચુમો
૯૩. જ્યાં લગ પ્રેમ નહીં પ્રકટે
૯૪. મને કોઈ જાણી શકે નહીં !
૯૫. અમે તો નિત્યમુક્ત નિર્દ્વંદ્વ !
૯૬. મન, તમે પ્રેમ કરી જાણો ના
૯૭. ઓ પ્રેમી ! પ્રેમ કર્યો મુજ સાથે
૯૮. મારો શમે કેમ જ દાહ !
૯૯. ઓ મોરે ઠાકુર આવો!
૧૦૦. મા મા, કરને તું વકીલાત !
૧૦૧. જાણું છું ચાલો મ્હારી સાથ
૧૦૨. હું પ્રેમને શું જાણું !
૧૦૩. રામકૃષ્ણ બોલ
૧૦૪. પ્રીત ના કરી તો કરી બોલ શી કમાઈ રે?
૧૦૫. યાદ મને શી આવે
૧૦૬. તારા પ્રેમાવેશમહીં

* * *

## ૧. વંદન ! સદ્ગુરૂદેવ !

વંદન ! સદ્ ગુરૂદેવ ! હજારો તમને વંદના રે !
અંધારેલા સઘળા ખંડ, લેશ હતો ના સૂઝતો પંથ,
એને આવી મંદિર મધ્ય જેણે દયા કરીને ખોલી દીધાં બારણાં રે.

ભેદભાવ રાખ્યો ના હૈયે નિજસમ કર્યા ખરે જ,
પૂર્ણ મુક્ત તત્કાલ બનાવ્યા સ્પર્શ થકી બસ એક.
એવા દયાળુના ઉપકાર, કેમ કરીને છેક ભૂલાય .. વંદન ! સદ્ ગુરૂદેવ !

ચરણ તમારા છાયા મારી, આંખ તમારી પ્રાણ,
મૌનભાવ ધારો છો તેમાં કરી રહું નિત સ્નાન.
દેહ ધારેલા ઓ ભગવાન ... વંદન ! સદ્ ગુરૂદેવ !

મળ્યા સદગુરૂ મધરાતસમે, પહેલાં આવી ગંધઃ
આલિંગન કર્યું તે પળથી જ પૂરો થઈ ગયો પંથ.
ચરણે પડ્યો વહાલા, સુધબુધ ભૂલતાં હોંશથી રે ... વંદન ! સદ્ ગુરૂદેવ !

બલિહારી ગુરૂદેવ ! તમારી કેમ કરી ગાઈ શકું સારી;
શિર ઢાળીને વારંવાર, તમારાં સુંદર ચરણોમાંહ્ય,
મારે પૂરી કરવી પૂજા આ સંસારની રે ... વંદન ! સદ્ ગુરૂદેવ !

(૬ સપ્ટેમ્બર ૧૯૪૫, ગુરૂવાર, દેવપ્રયાગ)

* * *

## ૨. પ્રભુજી, આવ્યો દ્વાર તમારે !

પ્રભુજી, આવ્યો દ્વાર તમારે !
કોણ તમારા વિણ જાગે હો મારા ખિન્ન પુકારે ... પ્રભુજી.

જાગો જાગો દ્વાર ઉઘાડો આવ્યો દ્વાર તમારે,
શોષાયે છે કંઠ મિટાવો પ્યાસ જલતણી ધારે ! ... પ્રભુજી

વારંવાર શું આવવું, છે બદનામી મારે ભારે;
દયા કરો, તલસાવવું આમ તમોને તો ના છાજે. ... પ્રભુજી

હાડ સુકાય, સુકાય રક્ત છો, અંગ છો બલિ થાયે,
દયા વિનાનો પાપી નતમુખ જીવું ફરી ના સત્યે! ... પ્રભુજી

(૯ સપ્ટેમ્બર ૧૯૪૫)

* * *

## ૩. મૈં તો જનમ જનમ કો પાપી

મૈં તો જનમજનમકો પાપી.
પતિત વિષયરત જગમેં મુજ સમ કોઈ હૈ ના પાપી.

જિન પર કરુણા હુઈ તુમ્હારી વે સબ થે બડભાગી
ધન્ય સભી થે જિનકો તુમને પ્રેમસુરા પીલાઈ !

કૈસે થે મદમસ્ત અહા નિશદિન વે સંગ તુમ્હારી,
તુમ્હારે હિ રૂપસમ થે છાયા માનો પૂર્ણ તુમ્હારી.

જિનકો દર્શન હુઆ મનુજ વે સભી ગયે પલટાઈ,
સ્પર્શ મિલા સો પાવન ભયે મહામુદ મંગલહારી.

પાગલ શરણ તુમ્હારે આયો, લે લો કરુણાધારી;
(જનમજનમકો પાપી પદપે રહું કુસુમસમ સુહાઈ !)
પાપી ફિર ભી રહું પ્રેમસે તુમ્હરે ચરન સુહાઈ.

(૧૦ સપ્ટેમ્બર ૧૯૪૫)

* * *

## ૪. પ્રભુજી, હવે નહિ રહે હામ !

પ્રભુજી, હવે નહિ રહે હામ !

રોજ રોજ ફૂલ લઈ બેસું માળા કરું દિનરાત,
સાજ સજી શય્યા ના પોઢું, ઊભી રહું નિત દ્વાર.

આજ આવશે જરૂર પ્રીતમ - નહિ સવાર તો સાંજ,
મધરાતે તો જરૂર મળશે, રાખી બહુ દિન આશ !

હવે તો નહીં સાજ સજીશ, સૂઈશ ન શય્યામાંહ્ય,
ફૂલ ફગાવી રાતદિવસ બેસી રહું ગૃહને દ્વાર.

આવો તમે મ્હારી પાસે કે આવું તમ પાસ,
પાગલ હું તો તમારી પાછળ કર્યો આજ નિરધાર !

(૧૧ સપ્ટેમ્બર ૧૯૪૫)

* * *

## ૫. પ્રભુજી ! હું તમારી પાછળ પાગલ છું

પ્રભુજી — પ્રભુજી ! હું તમારી પાછળ પાગલ છું પ્રભુજી !

મને લાગ્યો નેહ તમારો – તમે પાયો પ્રેમ તમારો,
શૈશવથી દાન તમે કર્યું મેં તો પીધો પ્યાલેપ્યાલો
તે જ છું મસ્ત હું પાગલ છું ... પ્રભુજી.

કોઈ રાધા કહે મને, કોઈ ગોપીની ઉપમા ધરે;
તમે મહારા ને હું તમારો કોઈયે એ ના સમજે.
તમારે જ માટે હું દીવાનો તમારી પાછળ પાગલ છું .. પ્રભુજી

ઢાળો આમ જ પ્રેમ તમારો ચંદ્રસમા પ્રકટી ઉરમાં હો;
તમારે જ માટે હો મારો સર્વ લવારો.
કોણ તમારા વિના સહારો મારો .. પ્રભુજી

(૨૧ સપ્ટેમ્બર ૧૯૪૫)

* * *

## ૬. જે દીનહીન છે

જે દીનહીન છે બંધનમાં બંધાયેલાં
તે સર્વકાજ હો મારા અંતરમાં પીડા;
જે વ્યથિત પતિત અંધારામાં અથડાયેલાં
જોતાવેંત જ વાગી રહો મ્હારી વીણા

જે આશ્રયહીન અપંગ મૂક દુઃખને સહેતાં
હો સાથ તેમની સ્થાન મારું આ અવનીમાં;
જે દયા માગતાં આંસુ સારતાં તે સૌનાં
હો હૃદય મ્હારા હૃદય સાથ ગાતાં ગીતા !

તે સર્વકાજ હો સાધન મારાં સર્વ અહા !
તે માનવ માટે ઈશ્વરના અવતાર સમાં;
છો થઈ મ્હારી શક્તિ બધીયે જાય ફના
ગુરૂભાર સહેતાં દુઃખનો એવા માનવનાં.

યુગયુગ મધ્યે અવતાર હજો મારો અહીંયાં
એ પવિત્ર પ્રેમ લઈ વસતાં સૌની વચમાં;
જે પ્રકાશ માટે મથતાં, મંગલને ચહતાં
તે સર્વકાજ મારે જીવવું સ્મિત સાચવતાં.

જે દીનહીન છે બંધનમાં બંધાયેલાં
તે સર્વકાજ હો મારા અંતરમાં પીડા;
જે વ્યથિત પતિત અંધારામાં અથડાયેલાં
જોતાંવેંત જ વાગી રહો મ્હારી વીણા.

(૧૫ સપ્ટેમ્બર ૧૯૪૫)

* * *

## ૭. હે નાથ નારાયણ

હે નાથ નારાયણ હે પ્રભો મહા,
હે દીનબંધો, કરૂણાળુ દીનના !
મૂકી તમોને શરણે જવું ક્યાં ?
શ્રી રામકૃષ્ણં શરણં પ્રપદ્યે.

છે કો' તમારા સમ આંસુ સારતા
કલ્યાણકાજે નિજ બાલકોનાં,
છે કોણ શાંતિ ક્ષણમાં જ અર્પતા.
શ્રી રામકૃષ્ણં શરણં પ્રપદ્યે.

શ્રી રામ ને કૃષ્ણસમા પ્રતાપમાં,
ને બ્રહ્મ જેવા કરૂણાળુ લોકમાં,
શરીરધારી કલિમાં પ્રભુ સ્વયં.
શ્રી રામકૃષ્ણં શરણં પ્રપદ્યે.

ઢાળી તમારાં મધુ લોચનોને
પૂરો કરી પાગલ દો મનેય તે,
અપાર કો પ્રેમ ભરી બધાં વિશે.
શ્રી રામકૃષ્ણં શરણં પ્રપદ્યે.

નથી તમારા સમ કો' પ્રભાકૃપા,
છે એક કોઈ તમશા ન જાણ્યા,
જાઊં મૂકીને ગુરૂદેવ, તો ક્યાં.
શ્રી રામકૃષ્ણં શરણં પ્રપદ્યે.

આ પ્રેમભીનાં ચરણો તમારાં
ઠરી રહ્યો પ્રાણ તહીં, મહારી
હો વંદના લક્ષ કરોડ વંદના.
શ્રી રામકૃષ્ણં શરણં પ્રપદ્યે.

(૧૮ સપ્ટેમ્બર ૧૯૪૫)

* * *

## ૮. વહાલા નાથ, લગાડો વાર કહો શાને તમો રે !

વહાલા નાથ, લગાડો વાર કહો શાને તમો રે !
પ્રભુજી ભક્તના આધાર ! દીનદુઃખીના ઓ આધાર !

શરણાગતને તલસાવો શાને વહાલા તમો રે !
રંક હું તો છેક જ છું આવ્યો, દ્વાર તમારે કરું પોકારો;
પ્રભુજી દીનતણા આધાર,
આવો આશ પૂરોને કરુણા કરતાં પ્રેમથી રે.

જીવન શુષ્ક મહારૂં તેમાં પ્રેમ તમારો કેવલ છે આ;
રસથી ભર આ નામ તમારું મારે રંકને રે.

અભિમાની જે હોયે તેને તલસાવવું છો ઘટે તમારે;
અમે તો ચરણ તમારે ઢાળી કાયા હે પ્રભો રે !

આંસુ વહે છે આંખમહીંથી જ્યાં પ્રભુ મૂર્તિ તમારી દીઠી;
પાગલ પ્રાર્થે આવો દીન ન તલસાવો પ્રભો રે !

(૨૨ સપ્ટેમ્બર ૧૯૪૫ શનિવાર)

* * *

## ૯. અહાહા પ્રભુજી પ્રેમ તમારો !

અહાહા પ્રભુજી પ્રેમ તમારો !
હતો વહેતો માનવ માટે સરિતા સમાન સારો !
અહાહા પ્રભુજી પ્રેમ તમારો !

ઉપમા કેમ કરીને દેવી એ તો ખરે જ ન્યારો,
રામકૃષ્ણના પ્રેમથકી પણ પ્રેમ ખરેખર વાધ્યો !

પ્રેમ હતા જે કરતા તેને ઈપ્સિત વરને આપ્યો,
સંસારી માનવને માટે પણ રડતા દુઃખમાં હો,

વંદન પ્રભો હજાર તમોને, મંગલ આ વર આપો,
પ્રેમ તમારા સમો મહા પાગલના ઉરમાં સ્થાપો.

* * *

## ૧૦. તમારા પ્રેમસાગરને

તમારા પ્રેમસાગરને અમારી આજુબાજુ મુક્તરૂપે ઉછળવા દો,
અમે એમાં સ્નાન કરીને કાયાપલટ કરીએ,
હે નાથ ! તમારા પ્રેમસિંધુને અમારી ચારે પાસે ઉછળવા દો !

પવિત્રતાથી ભરેલી ને અંતરને ક્ષણમાં જ શાંતિ આપનારી
તમારી દૃષ્ટિને અમારી દૃષ્ટિ સાથે એક થવા દોઃ
અમે પવિત્રતાથી ભરેલા પૂર્ણ ને શાંત બનીએ,
હે નાથ ! તમારી પુણ્યપ્રદ દૃષ્ટિને અમારી દૃષ્ટિમાં એક થવા દો !

તમારા વરદ કરને અમારા શિરપર સદાને માટે અભય કરવા દો.
અમે તેની છાયામાં જીવનની કૃતકૃત્યતાનું પાન કરીએ
ને તમારાં પ્રેમાળ ચરણોમાં બલિ બનીએ,
હે નાથ ! તમારા વરદ કરને અમારે માટે અભય કરવા દો.

* * *

## ૧૧. સંસારની આ સ્થિતિ જોઈને

સંસારની આ સ્થિતિ જોઈને મારું હૃદય રડી ઉઠે છે મારા નાથ !
આ અજ્ઞાન ને આ સંહાર, આ ગરીબી ને આ જડતા,
એને અનુભવીને મારું અંતર તપી ઉઠે છે હે નાથ !
તમારાં શ્રીચરણોમાં મારું હૃદય રેલી રહ્યો છું.
તમારા વિના મારું સાંભળે એવું છે પણ કોણ ?
ને જગતને માટેની અપાર કરુણા તમારા વિના છે પણ કોનામાં ?

દીક્ષાને માટે આવ્યો છું મારા પ્રભુ ! ને હું માગું છું
અપાર કરુણા, અગાધ પ્રેમ, માનવને માટેની અનંત
વેદના, ઊંડી સહાનુભૂતિ ! પૂર્ણતાની સાથે સાથે તમે
મને આ ભિક્ષા પણ આપજો મારા નાથ ! જેથી તમારો
શરુ કરેલો કલ્યાણનો યજ્ઞ મારે હાથે પૂરો બને.

મુક્ત ને પૂર્ણ હોવા છતાં મંગલને માટે લીલા કરનારા
તમે તો પ્રભુ છોઃ યુગે યુગે જન્મ લેનારા તમે વિભુ
છો : મારી કાયા પણ તમારી છાયામાં શોભી ઉઠશે
મારા નાથ ! મારા તમે એકના એક પ્રભુ છો !

* * *

## ૧૨. તારા વિના કોને શરણે જવું ?

તારા વિના કોને શરણે જવું ? તારા જેવો બીજો છે જ કોણ ? હે નાથ, તારા વિના બીજા કોને શરણે જવું ? કાંચન પ્રત્યેની આટલી પ્રખર ઉદાસીનતા બીજા કોનામાં હતી ? સમાધિ અવસ્થામાં પણ તારી ત્વચા પૈસાનો સ્પર્શ થતાં સંકુચિત થતી. આવી તારી ઉપરતિ હતી. તારા વિના કોણે તે મેળવી હતી ?

કામિની તારે મન મા કાલી હતી ને હરેક રૂપમાં તેનું દર્શન કરવાથી તને મત્તાવસ્થા પ્રાપ્ત થતી હતી. આવી તારી પવિત્ર ને દૈવી દૃષ્ટિ હતી.

ને શિષ્યોને માટેનો તારો પ્રેમ ! જગતમાં એવો પ્રેમ બીજો જાણ્યો નથી ને જોયો નથી. અહાહા, તેમને માટે તેં પ્રાર્થના કરી, રાત્રિની રાત્રિઓ રડતાં રડતાં પસાર કરી, ને તારી તપસ્યાથી પ્રાપ્ત કરેલી અલૌકિક શક્તિ પણ તેમને પ્રદાન કરી. છતાં તારા હૃદયમાં અહંની ગંધ પણ ન ઉઠી. આવી તારી આત્મસ્થિતિ હતી.

એટલે જ જગતના બીજા સંબંધોનો ત્યાગ કરી મહાપુણ્યના યોગે આજે તારે દ્વારે આવ્યો છું. ઓ વિશ્વના એકના એક દેવ ! પ્રેમની એ વર્ષા વરસાવ જે તારા હૃદયમાં આઠે પહોર વરસતી હતી : શક્તિની એ અલૌકિકતાનું દાન કર – જેમાં તારી હંમેશને માટે અવિચલ સ્થિતિ હતી : હે ગુરૂ, હે દેવ, હે નાથ ! તારા ચરણમાં મારી હંમેશની સ્થિતિ છે.

(૨૪ સપ્ટેમ્બર ૧૯૪૫ સોમવાર, દેવપ્રયાગ)

* * *

## ૧૩. હો મુજકાજે ચરણ તમારાં !

હો મુજકાજે ચરણ તમારાં !
પ્રેમલ પુનિત પરમરસભીનાં
દૈવી ચરણ તમારાં ... હો.

પ્રકટે છે જેમાંથી ગંગા
પ્રેમભક્તિ ને શાંતિ હંમેશાં,
મારા શિરકાજે તો ફૂલસમાં
એ ચરણ હજો હંમેશાં. ... હો.

પી પી એનો પ્રેમ મહારાં
અંગ થશે આ પુલકિત સારાં,
તૃપ્ત થશે હંમેશાં કાજે
રસ ચાખીને પ્રાણભ્રમર આ. ... હો.

મુક્તિભક્તિ બધું યે દેનારાં
હૃદયે જાવ જડાઈ વહાલાં,
પાગલ નાથ સુણો ઓ મારા !
ચરણન એક જ મારી આશા ! ... હો.

* * *

## ૧૪. પામી તારી પ્રેમપ્યાલી

પામી તારી પ્રેમપ્યાલી પાગલ બનવું મારે !

મારે માટે કદી ના થાયે ઊંધી તારી પ્રેમપિયાલી
પી પીને મસ્ત મહારે, પાગલ બનવું મારે ! ... પી પીને.

તારાં બે નયનોમાં મારી છલકાયે મદિરાની પ્યાલી,
સુઈ તારી છાતી પર એ કદી ના મારે કરવી ખાલી. ... પી પીને.

રૂપ તહારું અલૌકિક, રવિશશી કોટિ શકે ન બનાવી;
મૂક બનીને તેને મારે પીવું ધારે ધારે ... પી પીને.

દેને નશો હંમેશ ચઢાવી ભાન બધુંય ભુલાવી,
તુંજ સઘળે છે એક છવાઈ, તુંજ છે એમ મહારી ! ... પી પીને.

* * *

## ૧૫. પ્રભુજી આવો દર્શન દેવા

પ્રભુજી આવો આવો દર્શન દેવા પ્રેમથી રે.
જાગી હૃદયે મારે પ્યાસ તમારા એક જ દર્શનકાજ,
તે તો કેમે શાંત ન થાય. ... પ્રભુજી.

રૂપ તમારું જોઈ મારી સુધબુધ સાચે ચાલી સારી;
લાગી મને મોહિની એક તમારા પ્રેમની રે.
પ્રેમઝરતી આંખ તમારી, અમૃતથી નીતરતી વાણી;
કરવા દોને એમાં સ્નાન, મારે પાન કરીને ધન્ય બની જવું દેહથી રે.

આવો પ્રભુ આલિંગન આપો, સ્પર્શમાત્રથી દૃશ્ય ભુલાવો,
કરી દો પાગલ પૂર્ણ મને એ આવ્યો આશથી રે.
હતા તલસતા પ્રેમીકાજે, રડતા નિર્બળને પણ માટે;
મારો પૂર્ણ પૂરાશે કોડ, એવી આવ્યો રાખી હોંશ;
પ્રભુજી આવો આવો દર્શન દેવા પ્રેમથી રે.

દ્વાર તમારેથી નિષ્ફળ જાઉં તો ક્યાં આ પ્યાસ બુઝાઉં,
માટે દયાતણા અવતાર ! આવો દયા કરીને દર્શન દેવા પ્રેમથી રે.

(૨૪ સપ્ટેમ્બર ૧૯૪૫)

* * *

## ૧૬. તારે હાથ વેચ્યું છે શરીર મેં તો !

તારે હાથ વેચ્યું છે શરીર મેં તો તારા પ્રેમ જ માટે !
છે પ્રાણ કરી મેં દીધો તારો તારા રસને માટે,
અંતરની વીણા ભરી તહારા પ્રેમલ કેવલ ગાને ! ... તારે હાથ.

જો પુષ્પ તું તો હું ભ્રમર તહારો સ્વાતિ હું ચાતક તારો;
તારે માટે ત્યાગીને સઘળું બની ગયો વણજારો !
તારો રસ એવો ન્યારો પાગલ થયો છું એને માટે ! ... તારે હાથ.

જે કોઈથી ના અંજાયો તે વેચાયો તુજ માટે,
ના કોઈની પ્રતિ જોતો તે ઝંખે છે તારે કાજે ;
એ ભાગ્ય તહારે માટે એમ મને તો સાચે લાગે ! ... તારે હાથ.

છે પ્રેમ તહારો એક પાસ ને શરીર બીજી પાસે,
મારી શી કીંમત, શ્રી સામર્થ્ય બધુંય તું તો છે મારે;
છે સોદો સસ્તો ઘણો મહારે છે તું ઠગાયો ભાવે ! ... તારે હાથ.

(૨૫ સપ્ટેમ્બર ૧૯૪૫)

* * *

## ૧૭. પ્રભો, જુઓ બાલક આ પડ્યો છે

પ્રભો, જુઓ બાલક આ પડ્યો છે,
આવી તમારા ચરણે ઢળ્યો છે;

રમી કરીને જ્યમ બાલ આવે
ને તાતના અંકમહીં લપાયે,
છે સુતેલો ચરણે તમારાં,
પ્રભો ! તમારો હું તમે મ્હારા !

આવી પડ્યો છું શરણે તમારા,
હવે તમે એક જ છો મ્હારા,
આવો ઉઠાવો કરને વ્હાલાં !
પ્રેમામૃતે તૃપ્ત કરો વ્હાલાં !

જો કે હું તો ક્ષુદ્ર તમે મહંતા,
તોયે તમારો હું તમે મ્હારા !
છે ના રહ્યો ભેદ જરીય બેમાં,
બંનેય છીએ જન એક જેવા;

તોયે તમારી મધુમૂર્તિ મારે
જોવી ધરાઈ નવનીત પીવાઃ
લીલાર્થ મારામહીં છો તમે આ,
પ્રભો, તમારો હું તમે મ્હારા !

કાપી બધી દો મુજ વાસનાને,
દો ને સુહાવી નિજ પ્રેમદાને;
શાંતિ વળી સિદ્ધિ અપાર રિદ્ધિ,
લેવી તમારા જ થકી મ્હારે !

દો જિંદગી નાથ, કૃપાકટાક્ષે,
નથી તમારા વિણ કો' મ્હારે !
આ વિશ્વના શુષ્ક વિશાલ ને રણે
પામી તમારો રસ સ્વલ્પયે ખરે

થઈ હું તો ધન્ય જઈશ નાથ હે !
કૃતજ્ઞતા ના જ કહી શકીશ ને !
પડ્યો તમારે ચરણે છું આજે,
નથી તમારા વિણ કો' મ્હારે !

* * *

## ૧૮. અમે ગિરિગુફામહીં

અમે ગિરિગુફામહીં વિવિધ આસને રાજતા,
પ્રસન્ન નિત પુષ્પ જેમ દિનરાતને ગાળતા,
અમે હિમભર્યાં રહે શિખર ત્યાં રહી રાચતા,
નદી તટ પરે કદીક રસમસ્ત આનંદતા.

પડે કશુંક કષ્ટ તો પણ અમે રસે રાચતા,
કદી તરસભૂખને પણ સહી દિનો કાપતા;
સુતા નવ કદી, કદી સતત અશ્રુયે સારતા,
પળેપળ વિષાદમગ્ન જનકાજ સૌ પ્રાર્થના.

ગુલાબ મધુ વાસ દે અગણ કંટકો કિન્તુ ત્યાં,
નદી મધુર આવતી કઠિન ભૂમિયે હોવા છતાં;
અમેય ત્યમ આજ કષ્ટ સહતા રહી એકલા,
પરંતુ યુગને મનુષ્ય પરખી શકે કેમ હા !

લઈ પુનિત એક ધૂન ઉરમાં અમે રાચતા,
હજાર ઈશુ જન્મશે યદિ થશે અમારી ચિતા.

(૨૬ સપ્ટેમ્બર ૧૯૪૫)

* * *

## ૧૯. તજ્યાં ઘર, તજ્યા અમે મહલ

તજ્યાં ઘર, તજ્યા અમે મહલ ને તજ્યા વૈભવો,
તજ્યા ભવસંબંધ, સ્નેહરસનાં બધાં બંધનો,
લઈ હૃદયમાં અપાર બસ પ્રેમ તારા પ્રતિ
અમે વનમહીં કર્યાં ઘર, કરી રણે મહેફિલો !

સહ્યાં સતત તાપછાંય હસતા મુખે ને અહો !
લઈ હૃદયદાહ રાતદિન ના સુતાયે અમો;
અપાર ઉરવેદના અમિત આંસુ વચ્ચે સદા
અસંગ કરતા રહ્યા પ્રણય પ્રેમથી તાહરો !

નથી વિભવ કીર્તિ કે પરમ મુક્તિને ઈચ્છતા,
અપાર વિભવી પ્રતિષ્ઠિત વિમુક્ત સાચે અમે;
નથી વિષયવાસના, વર નથી અમે માગતા,
છતાં ચરણમાં પડેલ સહતાં મહાવેદના.

પ્રભો, અતુલ શક્તિ દો, પ્રકટ હો અમારા મહીં
થઈ ભસમ જાય દુઃખ દુનિયાતણાં વેદના.

* * *

## ૨૦. તમે ચંદ્ર હું ખરે ચકોરી !

તમે ચંદ્ર હું ખરે ચકોરી !

જોયા કરું તમને ના થાકું જરીય જોઈ જોઈ.
અમૃતરસ આ મુખનો દેતો મને ખરે જ ઝંબોળી ... તમે.

પ્રેમપીયૂષમહીં ચકચૂર થઈ જઉં જોઈ જોઈ.
રસ છે કેવો કેમ કરીને થાકે વર્ણવી કોઈ,
તાગ પમાયે ના, કણ પામી મસ્ત હું જોઈ જોઈ ... તમે.

પાગલ થયો તમારી પાછળ આજ વદનને જોઈ;
ભાગ્ય મહારું તમે ના જાણો, નાચું જોઈ જોઈ ... તમે.



* * *

## ૨૧. પ્રભુજી આવો પ્રેમ કરીને

પ્રભુજી આવો પ્રેમ કરીને મળવા બાલને રે.

બાલ તમારે દ્વારે આવ્યો રૂપશીલ જોઈ મોહાયો,
પાગલ થઈ ગયો જોવાને આકળો રે.
પૃથ્વી પર ઘૂમીને આવ્યો, બાલ તમારે ધામે આવ્યો;
હજીયે કેમ નહીં સત્કાર્યો પ્રેમી બાલને રે ! ... પ્રભુજી.

ચરણ તમારાં ધોવા મારે, રોઈ પાવન કરવાં આજે;
કેશલટોથી લૂછવાં ભાવે, ગદ્ ગદ્ બનતાં મળવું મારે,
આવો પ્રભુજી રાખી પ્રેમ મળો આ બાલને રે. ... પ્રભુજી.

દિવસે આવો, રાતે આવો, આવો વળી મધરાત,
કરી પ્રતીક્ષા અશાંતિ પામું, આવો કરવા શાંત.
તમે છો જીવનના આધાર, મારા હૈયાના શણગાર,
આવો પ્રેમ કરીને મળવા પ્રેમી બાલને રે. ... પ્રભુજી.

નથી યોગ્યતા કૈં મારામાં, પ્રેમ સાંભળી આવ્યો ભાવે;
તમે તો ત્રુટિના ના જોનાર, પાપી પ્રતિ પણ છો રોનાર,
આવો પ્રેમ કરીને મળવા પ્રેમી બાલને રે. ... પ્રભુજી.

ધામ તમારેથી જઉં ઠાલો, કલંક એ તમે કેમ ઉઠાવો;
તમારી પ્રેમપરબથી તરસ્યું કોઈ ના ફરે રે.
ચાતક જેમ તલસતો પ્રભુજી, આવો આવો કરતો વિનતિ,
નહિ આવો તો પડશે દેહ, મારી દર્શનની જ ઉમેદ,
જીવવું મરવું તમારા વિના મ્હારે એક છે રે. ... પ્રભુજી

(૨૭ સપ્ટેમ્બર ૧૯૪૫, ગુરૂવાર દેવપ્રયાગ.)

* * *

## ૨૨. એકવાર આવી જજો !

એકવાર આવી જજો !

પ્રેમી અમે તો પ્રેમના, અમે લીધો છે પ્રેમનો જોગ રે.
જોગ આજ જોઈ જજો ! ... એકવાર આવી જજો !

આંસુ તમારે કાજે સારતા, નહીં સૂવા સમર્થ દિનરાત હો,
પ્રેમ આજ જોઈ જજો ! ... એકવાર આવી જજો !

વહાલા, તમારે કારણે અમે છોડ્યાં છે ઘર ને બ્હાર રે.
જોગ આજ જોઈ જજો ! ... એકવાર આવી જજો !

આશા મૂકી સંસારની, મોટી ઈચ્છાથી ધોયા હાથ રે.
પ્રેમ આજ જોઈ જજો ! ... એકવાર આવી જજો !

ચોળી ભભૂતિ અમે પ્રેમની, પ્રેમ એક જ અમારો જાપ રે.
જોગ આજ જોઈ જજો ! ... એકવાર આવી જજો !

પોકારે સંત પ્રભો, પ્રેમથી આજ આવી અમારે ધામ રે.
ધન્ય ધન્ય બોલી જજો ! ... એકવાર આવી જજો !

(૨૭ સપ્ટેમ્બર ૧૯૪૫)

* * *

## ૨૩. દુઃખી છે આજે આ જગત

દુઃખી છે આજે આ જગત, કરુણાકાજ રડતાં
કરોડો છે લોકો, જડ જનથકી ઘોર સહતાં
દુઃખો એવાં લોકો અગણિત અહીં, ભ્રાન્તિપથમાં
ભમે લાખો, લાખો મરણદુઃખરોગે લથડતાં !

હશે એવો કોઈ મનુજ નિરખીને દુઃખદ આ
અવસ્થા ના જેના હૃદયતલથી આંસુ સરતાં;
તૂટે જેની છાતી નહિ, નવ ઊઠે પ્રેમ કરુણા,
હશે એવો કોઈ જડહૃદય આ સૃષ્ટિતલમાં ?

તજીને ભોગો ને ભવન વનમાં બુદ્ધ નિકળ્યા,
હજારોને બીજા સરલ કરવા માર્ગ ઉપડ્યા,
છતાં તેની ધારી અસર ન થઈ, આજ જગમાં
કરી ક્રાન્તિ દેવા પ્રણયરસભીના અમ ઊભા !

મહાકાર્યો માગે સમય પણ મોટો પ્રકટવા :
થતા તેને માટે પ્રતિદિવસ છોને અમ ફના.

(૨૮ સપ્ટેમ્બર, ૧૯૪૫ શુક્રવાર)

* * *

## ૨૪. દેહ પડ્યો છે પાસ તમારી !

દેહ પડ્યો છે પાસ તમારી
તેમાં આવો જીવન ધારી !

ફૂલ થયેલી કાયા સારી ગંધ ના શું હજીયે આવી ?
સ્પર્શ થયો ના પાવનકારી, જીવન ધારો કરુણાધારી ! ... દેહ.

તમારો જ છે પ્રકટો તેમાં, શ્વાસ આજ રૂંધાયે જેમાં
તેમાં વહેશે પાવનકારી વાયુ પ્રકટો કરુણાધારી ! ... દેહ.

તમે પ્રેમ છે પ્રકટાવ્યો, આ આપી તમે જ પ્રેમાવસ્થાઃ
આવોઆવો જીવન ધારો : ઈચ્છા હો તેવું રૂપ આપો. ... દેહ.

સ્પર્શ કરો ત્યાં પુલકિત થાશે, ઈચ્છા માત્ર કર્યે પલટાશે :
તમારા જ મંદિરના જેવી શોભા ધારી સત્ય સુહાશે ! ... દેહ.

પાગલ કરી પ્રભુ હવે આવોઃ તમારૂં જ પ્રતિરૂપ બનાવોઃ
શું કરવું, શું ના કરવું, એ નાડ તમારે કર, સંભાળો ! ... દેહ.

* * *

## ૨૫. કેવી રીતે પૂજન કરું

કેવી રીતે પૂજન કરું હે તારું આજે તપસ્વી ?
પૂજાકાજે લગન દિલમાં બોલ તો હે મનસ્વી !
ગંગાતીરે મધુરસભર્યા દિવ્ય તારા સ્થળે આ
પૂજા મારે પરમ કરવી શાંત ને દિવ્ય પૂજા !

તારી લીલા : કવનમહીં એ કેમ ગાઈ શકાયે,
કેવી રીતે શબદ સમજે દિવ્ય તારી કથાને ?
ગંગા તારે હૃદય વહતી પ્રેમની ને વહેતી
સાથે સાથે વિપુલ જમુના ભક્તિની શે ગવાયે ?

સાથે કાંઈ પણ નવ મળે શક્તિ તારી મહા આ
પૂજાકાજે : હૃદયમહીં છે ભાવના કિન્તુ મારે :
તેથી આવ્યો મજન કરવા હે મહાત્મા, તહારે
હૈયે એથી મુજ પ્રતિ ઊઠો આજ પાછી કરુણા !

ફૂલો લાવ્યો નવ છું કરવા કાજ આજે હું પૂજા,
ને સામગ્રી પણ નવ મળી : આજ તો એક છે આ
કાયા તારે ચરણ ચરણે એક ઢાળેલ આત્મા :
તે બંનેથી ખતમ બનશે આજ પૂજા – મનીષા !

તો હે યોગી ! પ્રભુ ! પ્રકટ એ દેહમાં પ્રેમભીના !
ને આત્મામાં મળ તું રસ ને પ્રેમ સાથે અહીંયાં;
મારે તારી ખતમ કરવી વિશ્વમાં આજ પૂજાઃ
તેં સેવેલી જગતહિતની એક એવી મનીષા !

હે સૃષ્ટિના પરમ પ્રભુ, હે માનવીના વિધાતા !
આવેલો એ પુનિત દિવસે બુદ્ધરૂપે અહીંયાં,
ને સેવેલાં વન, કઠિન તેં ખૂબ કીધી તપસ્યા,
શાને માટે ? જગતદુઃખને ટાળવાને હંમેશાં !

પામીને તેં પરમ પથને પ્રેમના સ્ત્રોત છોડ્યા
દુઃખી એવા જગતહિતને કાજ ને લાખ ધોયાં
પાપી એવાં હૃદય, નયને લાખનાં આંસુ લોયાં,
ફેલાવ્યો તેં પ્રણય પ્રભુ હે ને વહાવી કરુણા !

કિન્તુ તારે યુગયુગ હતી માંડવી આ જ લીલા :
તેથી આવ્યો નટવરસમો રામકૃષ્ણે મહાત્મા !
કેવી લીલા ! હૃદય જનને કાજ જે ઝંખનારું,
પામે સર્વે પરમ પથ એ એક તારી મનીષા !

ઈચ્છા કિન્તુ પુરણ ન થઈ, ભક્તિની પૂર્ણ ગંગા
તોડી તારા હૃદયતટને મત્ત વ્હેતી હંમેશાં,
છોડીને આ જગત પ્રભુમાં પ્રાણ તારો હંમેશાં
રે'તો : ક્યાંથી જનહિત બને પૂર્ણરૂપે પછી ત્યાં ?

થોડાં પામ્યાં પરમ પથ ને કૈંકનાં આંસુ લોયાં :
બેસી તારા ચરણકમલે કૈં થયાં પુણ્યવંતાં :
છાયા પામી સુખ પણ લાભ્યાં, શબ્દની પ્રેમવર્ષા
તેમાં ન્હાઈ હૃદય પલટ્યાં — કિન્તુ તે અલ્પનાં હા !

એને માટે પરમ કરવી આજ હે દેવ, પૂજા,
જેથી તારી સફલ બનવા શક્ત થાયે મનીષા,
ફાલે તે આ હૃદયમહીંથી વૃક્ષરૂપે મનીષા,
ને તારી દે પરમપથની જે કરે છે પ્રતીક્ષા.

દુઃખી રોગી તિમિરમહીં જે રાચતાં તેમને એ
દૈવી સ્પર્શે નવરૂપ ધરે, વિશ્વના મંડપે આ
ફેલાવી દે પ્રણયસુખ ને શાંતિધારા હંમેશાં,
એ પૂજાની સફલ બનવા થાય છે આજ વેળા !

આજે મારે પ્રણયરસથી મત્ત થાયે ન ચાલે,
ને ના ચાલે રમત જ  રમ્યે દિવ્ય કો' ભાવનામાં :
આજે તો આ યુગયુગતણી સાધવી પૂર્ણ પૂજા:
આવ્યો તેથી અતુલ હરખે મંદિરે હે પ્રભો, આ.

(૨૯ સપ્ટેમ્બર ૧૯૪૫ શનિવાર, દેવપ્રયાગ શાન્તાશ્રમ)

* * *

## ૨૬. પ્રભો આપો ભિક્ષા !

પ્રભો આપો ભિક્ષા ! બહુ દિવસથી મૂક બનતાં
ઊભો દ્વારે પ્રેમે ઉરપ્રણયતંત્રી બજવતાં :
તમારાં ગીતોથી રસિક બનતાં, વ્યાકુળ થતાં
હવે તો પોકારી રહું છું, દુઃખકારી ખલુ દશા !

પ્રભો આપો ભિક્ષા ! હૃદય કરતાં પાત્ર કરમાં
ઊભો દ્વારે પ્રેમે નયનદ્વય ઠારી ચરણમાં;
મૂકી વીણા હેઠે, સ્વર પણ મૂક્યા, શૂન્ય બનતાં
સુતો દ્વારે, પ્રાર્થી રહું છું પ્રભુજી ગદ્ ગદ્ થતાં !

પ્રભો આપો ભિક્ષા ! નવ વિભવ કે કીર્તિ ધનની
ઉઠી મારે ચિત્તે કાંઈક પણ આશા ક્ષણિકશી,
નથી સત્તા માગી, અતુલ મહિમા, શક્તિ વિભુની,
નથી મારે આજે જગમહીં મહત્તા ય ખપની.

પ્રભો આપો ભિક્ષા : હૃદયપટને શુદ્ધ કરતાં
વસો તેમાં, ચીંધો પથ પૃથિવીના દીપ બનતાં !

(૩૦ સપ્ટેમ્બર ૧૯૪૫ રવિવાર, દેવપ્રયાગ)

* * *

## ૨૭. આવો છો રખવાળું કરવા

આવો છો રખવાળું કરવા નાથ રે.
તમે મ્હારા જીવનના આધાર છો,
કેમ કરીને મૂકો મ્હારો સાથ રે ? ... આવો છો.

જોગી અમે તો પ્રેમમહીં ગુલતાન રે,
ઈચ્છા આવે તેમ રહેતા સૃષ્ટિમાં;
જંગલમાં કે મંગલમાં મંડાણ રે. ... આવો છો.

પ્રેમ તમારો કેવો મીઠો નાથ રે,
પત્થરકંટક સુખદુઃખ ન ગણે કાંઈ રે.
લેતા ક્ષણક્ષણ સાથ રહી સંભાળ રે. ... આવો છો.

પ્રેમાલિંગન આપ્યું પ્રભુ તમે આજ રે,
છેલ્લો દિન તેથી આવી પરભાત રે,
તેથી પાગલ ઘેલો બનતાં ગાય રે, ... આવો છો.

કોણ તમારા વિના અમારો સાથ રે,
છોડ્યાં સંબંધીજન ઘર ને બ્હાર રે.
ભલો તમારો એક અમારે સાથ રે. ... આવો છો.

(૩૧ સપ્ટેમ્બર ૧૯૪૫, દેવપ્રયાગ : શાન્તાશ્રમ)

* * *

## ૨૮. દેવ, મને તો આપો પ્રેમ તમારો

દેવ, મને તો આપો પ્રેમ તમારો
દેવ ! મને તો આપો !

મનનાં સઘળાંયે બંધન આશા વાસનાતણાં કાપો,
ચરણોના રસમાં રત રાખો, અવિરત વર્ષા વરસાવો !
દેવ, મને તો આપો પ્રેમ તમારો.

રસ ઈન્દ્રિય વિષયતણો મુજને તો વિષના જેવો લાગો,
હો એક યાદ ફક્ત તમારી અમૃત અંતરમાં ઢાળો !
દેવ, મને તો આપો પ્રેમ તમારો.

છે ક્ષુધા નહીં કૈં પણ : પ્રેમતણો તરસ્યો હું તો પધાર્યો,
પાગલ થઊં તમારી પાછળ પૂરો એ દો મુજને તો
એક જ લહાવો ! દેવ, મને તો આપો પ્રેમ તમારો.

(૧ ઓક્ટોબર ૧૯૪૫ મંગળવાર, ઋષિકેશ)

* * *

## ૨૯. વૃંદાવનમાં કૃષ્ણ તેમ

વૃંદાવનમાં કૃષ્ણ તેમ આ દક્ષિણેશ્વરમાં
પ્રભુ મારા વસતા વાસ સદા.

તેથી આવ્યો આ પુણ્યભૂમિમાં
કરવા દર્શન પ્રભુમુખનાં,
કરવાને વચનનું પાન
ધારીધારી લેવા રૂપસુધા !

અહીં તો પ્રભુ રાતદિવસ રહેતા,
હજીયે મંગલ લીલા કરતા,
હજુ પ્રેમીકાજે અહીં ફરતા
માની પાછળ પાગલ બનતા.

આવો પ્રભુ, જેમ નરેન્દ્રને શિરે
કર ફેરવતા પ્રેમભર્યા,
મુજને પણ પ્રેમ કરો તેમજ
ચરણે છું પડ્યો શિરને ધરતાં.

* * *

## ૩૦. અમે તમારા પ્રેમપૂજારી

અમે તમારા પ્રેમપૂજારી ગાતા ગાન હંમેશ
તારાં ગાતાં ગાન હંમેશ, અમે તો તારો જ ધર્યો ભેખ.

જીવનના અરુણોદયથી છે કરી કાયની ભેટ,
તને છે કરી કાયની ભેટ ... અમે તો.

વનમાં જંગલમાં ને રણમાં ગિરિગહ્‌વરમાં
કરતા તુજથી ભેટ, રહેતા આનંદે હંમેશ ... અમે તો.

કોનો ભય છે અમને ભાઈ, જન્મમરણ બંનેય
અમે તો જીત્યાં હરહંમેશ. ... અમે તો.

વ્યાધિ અને વાર્ધક્ય અમારી પાસ ન ફરકે લેશ.
પાગલ અમે તહારી પાછળ પૂરા સદા થયેલ,
તું જ છે જીવન, જીવનનો છે તું જ એકલ હે દેવ !
અમે તો.

* * *

## ૩૧. અમારે શાની ચિંતા દેવ !

અમારે શાની ચિંતા દેવ !

તારાં સુંદર ચરણકમલમાં અમે ધર્યો છે દેહ,
પછીથી શાની ચિંતા દેવ ... અમારે.

અમે તો થયા એક તહારા, તું તો પછી હંમેશ,
કરતો રક્ષા હરહંમેશ ... અમારે.

કરી સલામ ભોગવૈભવને કર્યો તહારો પ્રેમ
પછીથી શાની ચિંતા દેવ ... અમારે.

સારા કે નરસા તો પણ છે તમે સ્વીકાર્યા દેવ,
અમોને તમે સ્વીકાર્યા દેવ ... અમારે.

મસ્ત અમો તો પ્રેમરસમહીં પાગલ દિન ને રેન,
ક્ષણે ક્ષણે ચિંતા કરતા ઓ દેવ, તમે હંમેશ ! ... અમારે.

* * *

## ૩૨. અમે તો માંજારીના બાલ

અમે તો માંજારી*નાં બાલ.
મા મા કરતાં હરેક પળ,
ના શક્તિ મળે તલભાર ... અમે તો.

પોકારી કેવલ જાણીએ
ગદ્ ગદ્ સ્વરની સાથ,
બહુ બહુ તો બેચાર આંસુમાં
વહાવીયે નિજ પ્રાણ ... અમે તો.

એક જગાએ બેસી મા મા
કરતાં દિન ને રાત.
કેમ શકીએ માની પાસ
જઈ નિર્બળ છે પાય ... અમે તો.

જે જોઈએ તે માગીએ
રોઈ માની પાસ,
સંત કહે મા પોતે આવી
સ્નેહે લે સંભાળ ... અમે તો.

(*માંજારી – માર્જાર, બિલાડી)

* * *

## ૩૩. જોગી પ્રેમપંથ હૈ ન્યારા

જોગી પ્રેમપંથ હૈ ન્યારા.
કિસવિધ ઉસકા ભેદ લિખ સકું, પૂરા હુઆ દીવાના ... જોગી.

ચાહે તૂ પુસ્તક કો પઢ લે, તીર્થભ્રમણ કર સારા,
જોગી જતિસે ક્રિયા કરી લે, રંગ પ્રેમકા ન્યારા ... જોગી.

ચાહે સંન્યાસી બન જા, ઘરબાર છોડ વનમેં જા;
ગિરિ પુરી ભારવી કુછ ભી બન જા : ફિર ભી અર્થ નહિ સરેગા ... જોગી.

ચાહે ઘોર તપસ્યા કર, કાયા સે કષ્ટ સહી લે.
પ્રેમ નહીં પ્રકટેગા તબ તક ભેદ છિપેગા સારા ... જોગી.

પુસ્તક તેરે સર્વ પટક દે, પીકર પ્રેમ પરમરસ લે;
પુનિત પ્રણય કા પ્યાલા પી લે સદ્ય છોડ સંસારા ... જોગી.

* * *

## ૩૪. કરતાં એક તારી યાદ

કરતાં એક તારી યાદ મુજને થાય ના રોમાંચ
એવી કરું શું રાખી કાય ?

મરતાં સગાંસ્નેહી વહે મારે નયન જલની ધાર,
લેતાં નામ તારું હર્ષથી ના વહે જલની ધાર. ... એવી.

સંસારી વિભવથી મત્ત સરખો ફરું આદિથી અંત.
એવો મત્ત મને જે કરે ના પિલાવી તુજ જાય ... એવી.

હૃદય મારૂં ઉછળજો પ્રેમમૂર્તિ તને જોતાંવાર,
તારા શાંત ભાવમહીં હંમેશાં થજો મેળ પ્રશાંત,
પાગલ કહે જેથી નહીં પામી શકાયો ના લહાવ ... એવી.

(૨ ઑક્ટોબર ૧૯૪૫, બુધવાર, દ્વાદશી, ઋષિકેશ)

* * *

## ૩૫. એ જ એક ભક્તિ નથી

ભાવમાં ડૂબી જવું એ જ એક ભક્તિ નથી કે
નૃત્ય તથા કીર્તન ને આવેશ એજ સર્વસ્વ નથી -
હે પ્રેમ, હું તો કેવી રીતે સમજાવું કે ભાવ એ જ ભક્તિ નથી?

ગીતનાં રસમાં ડૂબ્યા રહેવું એ જ કાંઈ પ્રેમ નથી
ને એકાંત સ્થાનમાં રહીને હંમેશાં રડ્યા જ કરવું
પ્રેમલ ઊર્મિથી દ્રવ્યા કરવું એ જ કાંઈ સર્વસ્વ નથી —
હું તને કેવી રીતે સમજાવું કે ઊર્મિ કે ભાવના એ જ ભક્તિ નથી.

અને તારે મન એ હોય તોય હે પ્યારા પ્રેમી !
એવી મંગળ ભક્તિથી આજે કશું સરે એમ નથી.
માટે તો તું શાંતિના પરમ સિંહાસન પર આરૂઢ થઈ જા:
ને એક ગીત, એક નામ કે એક યાદથી
ઉન્મત્ત થઈને તરંગની જેમ ઉછળવાને બદલે
હૃદયના ગંભીર ભાવમય પ્રદેશમાં ઊંડો ઉતરી જા.

યાદ રાખ કે તું મરજીવિયો છે ને મોતીની
માળાને આજે જગતના કંઠમાં આરોપિત કરી જા.

* * *

## ૩૬. તહારી આ માતા ! દુઃખકર દશા

તહારી આ માતા ! દુઃખકર દશા, આંસુ છુટતાં
મહારી આંખોમાં દુઃખકર દશાને નિરખતાં,
ગરીબી આ, રોગી જન, દુઃખ અને ભૂખ સહતાં
અકાળે મૃત્યુના તટ પર ઊભાં લાખ મનુજો !

અહા જે સૃષ્ટિનો શિરમુકુટ, શોભા જગતની,
મહારી તે માતા મલિન દુઃખથી વિહ્વલ બની;
કૂણાં અંગો એનાં ફૂલસમ પરાધીન કરતાં
કસ્યાં પાપી લોકે નવ નવ દયા કૈં પણ કરી !

મહારી ઓ માતા ! તુજ ચરણમાં ફૂલસરખો
પડ્યો આજે આવી અભિનવ લઈ આશ હું અહો !
મહારાં અંગોમાં પ્રણય ભર ને શક્તિ ભરતાં
જગાવી દે તારી લગન, મુજને ભાગ્ય ધર આ :

ગરીબી ને તારાં અગણિતસમાં બંધન બધાં
તૂટે મારે હાથે જગતશિર—શોભા મુકુટ થા !

(૨ ઑક્ટોબર ૧૯૪૫ બુધવાર, ઋષિકેશ)

* * *

## ૩૭. હતાં અંધારેલાં ભવન સઘળાં

હતાં અંધારેલાં ભવન સઘળાં ખંડ સઘળા
ઠરેલા ઠંડીથી મનુજ સઘળાંયે થથરતાં,
હવા ભીની છૂટી ગગનપટથી સૃષ્ટિભરમાં
છવાતી તોડીને હૃદયપટ એવી સખત શી !

ઘણાની આંખેથી દુઃખ સહતાં આંસુ સરતાં,
વહેતાં કોઈનાં રુદન ઉરના આર્તસ્વરમાં,
હંમેશાં અંધારા ભવનમહીં રે'તાં જડસમાં
બન્યા કોઈ લોકો : શુભઅશુભનો ભેદ વિસર્યા.

ઊગ્યો ત્યાં તો પ્રાચી-હૃદયમણિ જેવો રવિ અને
બધાયે ભેદાયા તિમિરથર, ઠંડા પવન સૌ
થયા ઉષ્માવાળા, મનુજ સુખનો શ્વાસ ભરતાં
ઊઠ્યાં સૃષ્ટિશોભાસમ સૂરજને અર્ઘ્ય ધરતાં !

પ્રભો ! આજે પાછી દુઃખકર થઈ છે ખલુ દશા.
તમારા પ્રાકટ્યે નવ - જગ રચો સૂર્ય બનતાં !

(૩ ઑક્ટોબર ૧૯૪૫ ગુરૂવાર, કલકત્તા જતાં; સન્ડીલા)

* * *

## ૩૮. હમ જાતે હૈં હમારે દેશ !

હમ જાતે હૈં હમારે દેશ !
આજ લગી બહુ દેશ નિરખિયા સબ માનો પરદેશ.
હમ જાતે હૈં હમારે દેશ !

અબ જાયેંગે જન્મ લિયો જહાં પર વો હમરે દેશ,
જન્મ લિયો, જીયા મૈં માની જીવન દાવત એક.
હમ જાતે હૈં હમારે દેશ !

ઐસો દેશ હમારો, મિલને કો જાતે સપ્રેમ
સંત ભાગ ઐસો મિલને પર હો ના પ્રેમોદ્રેક.
હમ જાતે હૈં હમારે દેશ !



* * *

## ૩૯. મારા વેશ વિષે ના શોચ !

મારા વેશ વિષે ના શોચ !

વેશ છે મારો ગરીબ પરંતુ
વહે તારા પ્રેમનો સ્ત્રોત. ... મારા.

અંગ બેહાલ છું રંક છું,
પૈસા વિશે મારી પાસે ના બોલ,
પ્રેમ જ તારો છે દ્રવ્ય મહારું,
તું છે મારું જીવનસ્ત્રોત. ... મારા.

પ્રેમ તારો કરી પ્રાપ્ત કરી દીધું
સર્વ કાંઈ મેં તો ફોક,
પાગલ રંક તારે માટે મૂકી દીધી
એણે સૌની હોડ ! ... મારા.

(૭ ઓક્ટોબર ૧૯૪૫, રવિવાર, શ્રી દક્ષિણેશ્વર)

* * *

## ૪૦. મેં તારું શરણ સ્વીકાર્યું

મેં તારું શરણ સ્વીકાર્યું,

સ્વીકારેલું શરણ કદીય ક્યારેય ના તુટનારું,
ખૂબ વિચારી તારા મનહર પ્રેમસાગરે મેં ઝુકાવ્યું ... મેં.

સુખમાં દુઃખમાં, સંકટમાં, વનમાં રણમાં; સઘળે ટકનારું,
તારું સ્વીકારેલું શરણું બીજાનું ન થનારું ... મેં.

સ્વર્ગ મળો કે મુક્તિ મળો, સિદ્ધિને ના ચહનારું,
નરક મહીં પણ તારી સાથે હંમેશાં વસનારું ... મેં.

તારાં ચરણોમાં શિર ઢાળું, ક્યાંય નહીં ના નમનારું,
હૃદય કહે પાગલ થયું તારું, અન્યનું ના જ થનારું ... મેં.

(૯ ઓક્ટોબર ૧૯૪૫, દક્ષિણેશ્વર)

* * *

## ૪૧. ના જાણું શું થવાનું મારું

ના જાણું શું થવાનું મારું.
સ્વીકાર્યું છે શરણ તમારું સર્વ થવાનું સારું ... ના.

ચિંતા કાંઈયે મુજને નાઃ મારું સઘળું તારું;
તેં જ સુકાન મ્હારી જીવનનૌકાનું સંભાળ્યું ... ના.

હું તો પ્રેમમાં મસ્ત જ તારાઃ તને જ સઘળે ભાળું :
રોજ રોજ પ્રેમાશ્રુતણાં પુષ્પો દિનરાત ચઢાવું ... ના.

હૃદય આપ્યું તેં મુજને તારું તે બડભાગી માનું,
જીવન મારું તારે માટે તેથી અન્ય ન જાણું ... ના.

કદીક પણ સ્વેચ્છાથી મારી કાયાને પલટાઉં,
સંત કહે તારા અંકમહીં હો મસ્તિષ્ક મ્હારું ! ... ના.

* * *

## ૪૨. હું તો ચાકર તારો

હું તો ચાકર તારો - ચાકર તારો જી !

બિના મોલથી વેચાયેલો ગુલામ તારો જી,
બિના પગારતણો ચાકર હું ચાકર તારો જી ! ... હું તો.

આઠે પહોર દર્શન તારું, તારું સુમિરન જી;
પ્રેમનદીમાં સ્નાન તહારી, તુજને વંદન જી ! ... હું તો.

પ્રેમ પગાર મ્હારો : માગું બીજું ન કાંઈ જી :
તારી સામે ગાઈ તુજને નાચું નેહે જી ! ... હું તો.

કાંઈયે ના હક મુજને ના બદલો માગું જી :
બિના શરતનું કર્યું સમર્પણ ભાગ્ય જ મારું જી ! ... હું તો.

સર્વ સ્થળે ને સદાકાળ તુજથી બંધાયો જી,
હું તો ચાકર તારો પાગલ શેઠ તું મારો જી ! ... હું તો.

* * *

## ૪૩. ચઢાવી શિર પર ચરણની ધૂલિ

ચઢાવી શિર પર ચરણની ધૂલિ.
તારા પ્રેમની પદધૂલિ શિર મેં આજ ચઢાવી ... ચઢાવી.

આંખમહીંથી જેની સરતાં આંસુ સ્મૃતિથકી તારી,
તે નર છે સાચે જ કેમ કે આ જગમાં બડભાગી ... ચઢાવી.

રૂંધાયે છે કંઠ, જે તને પ્રાર્થે જન દિનરાતી,
તે આ જગમાં દેવ ખરેખર જનમાં ગણના નાહીં ... ચઢાવી.

ધૂલિ લઈને એની અંગે આજ લપેટી સારી:
પાગલ કહે પવિત્ર કરી મેં એથી કાયા મારી ! ... ચઢાવી.



* * *

## ૪૪. હું તો ભવભવનો છું પાપી !

હું તો ભવભવનો છું પાપી !
કહી શકે ના કોઈ કેવો ભારે હું અપરાધી ! ... હું તો.

ગિરીશથીયે પાપી, બીજાથીયે બહુ અપરાધી,
તેમ છતાં તેં તારી વર્ષા પ્રેમતણી વરસાવી ! ... હું તો.

જાણમહીં કે અજાણતાં બહુ બહુ થયો હું અપરાધીઃ
આજ તહારે દ્વારે આવી રહ્યો છું આંસુ વહાવી ! ... હું તો.

દયાળુ કિન્તુ તું ભલે રહ્યો ને હું તો સદા અપરાધીઃ
આશ્ચર્ય મને થાયે તારી દયા નહીં તેં ત્યાગી ! ... હું તો.



* * *

## ૪૫. જેના પર દયા થઈ તારી

જેના પર દયા થઈ તારી,
તે કેવા બડભાગી જેને પ્રેમસુધા તેં પાઈ ... જેના પર.

હૃદય મારું છે બન્યું પત્થરનું, પ્રેમ પ્રકટશે ક્યાંથી ?
તેથી તો ઉન્મત્ત થતી આ નથી તહારી છાતી ... જેના પર.

જેણે તારી મદિરા પીધી સુધબુધ સર્વ વિસારી,
તે સૌના લક્ષાંશથકીયે બરાબરી ના મારી ... જેના પર.

વજ્રસમો તેં કર્યો પ્રાણ કાં, કુસુમસમ કર્યો નાહીં,
જેથી તારાં પ્રેમાશ્રુમહીં સ્નાન કરું દિનરાતી ... જેના પર.

પાઈ દેને પ્રેમસુધાની તારે હાથે પ્યાલી,
પાગલ કહે મને ચકચૂર કરી દે નશો ચઢાવી ! ... જેના પર.

* * *

## ૪૬. ગમે તેવો જો કે શઠ પ્રેમી

ગમે તેવો જો કે શઠ પ્રેમી -
ઢોંગી લુચ્ચો જૂઠ્ઠો હોઉં ગમે તેવો શઠ પ્રેમી ... ગમે તેવો.

કૃપા કર્યા વિણ નહીં ચાલશે, દ્વારે આવ્યો પ્રેમી,
કલંક તારા શિર પર નહિ તો રહેશે સાચે ઝેરી ! ... ગમે તેવો.

તું જ માતા, તું જ પિતા, ગુરૂ, તું જ ઈશ્વર, હે પ્રભુ, એવી.
કૃપા કરી દે પાગલ બની રહે કે સાચો પ્રેમી ! ... ગમે તેવો.

* * *

## ૪૭. સલામી, અંતિમ આજ સલામી !

સલામી, અંતિમ આજ સલામી !

દ્વાર તહારે આવી સાચે થઈ ગયો બડભાગી,
પ્રેમસુધાની પ્યાલી મુજને પ્રેમથકી તેં પાઈ.

આ જગમાં તારા જેવો ના પ્રેમ મળ્યો છે ક્યાંઈ,
જીવન મારું ખરેખર રણ છે વનસ્થલી તુંજ માંહી.

પ્રેમતણી જે ગાંઠ સદાને માટે છે બંધાઈ,
તે તો અહીંથી જવા છતાંયે કેમ શકે ભંગાઈ.

વચન આપ્યું છે બંનેયે સાથ રહેવાને ભાઈ,
કાયા રહે ત્યાં લગી ને તે પછી પણ ખરે ભાઈ !

* * *

## ૪૮. મારા પ્રભુ તો પાગલ છે

મારા પ્રભુ તો પાગલ છે, મારા પ્રભુ તો પાગલ છે !
મસ્ત સદા છે પ્રેમ મહીં ના સુધબુધ કાંઈ છે ... મારા.

ક્ષણક્ષણમાંહી સમાધિ પામતા, રસમાં ન્હાયે છે,
અંગનું ભાન નવ મળે કાંઈ, પૂરા પાગલ છે ... મારા.

રખે વિસારે વાત મ્હારી, પ્રેમ થયો ભૂલે,
વચન અપાયાં બંધાવાને મસ્ત થઈ ભૂલે,
તેથી વચ્ચે રાખું તમોને માતા મારી હે !
પ્રભુને વીનવજો હંમેશાં માત શારદા હે !

પ્રેમ વિના આ ગરીબની ના ઈચ્છા કાંઈયે,
ભિક્ષુ હતો આવેલો રંક ન ભૂલશો સાચે હે !

* * *

## ૪૯. જે મેં પૂજા કરી તહારી

જે મેં પૂજા કરી તહારી,
તે ના સ્વલ્પ અંશમાંયે નિષ્ફળ જાયે સુખકારી.

એક આંસુ પણ સાર્યું પાડ્યો પુકાર પ્રેમ બતાવી,
એક ઘડી પણ ગાળી તારી વ્યર્થ કદી ન જનારી.

એક વાર પણ યાદ કરી ભૂલેચૂકે મનમાંહી,
તે પણ છે નહિ નિષ્ફળ બીજ સમૃદ્ધ ભૂમિની માંહી.

સંધ્યા જે આજ જનારી તે જાય સદા ન વિલાઈ.
પ્રભાત રવિ સૌની પૂજાથી પૂજા જગની થાતી.

તેમ અનંત સમયની ઘટિકા જે મેં આજે ગાળી,
તારે દ્વારે પ્રેમમહીં પાગલ તે વ્યર્થ ન કાંઈ.

સમય આવતાં સર્વ ફાલશે, પ્રકટ થશે ફલદાયી,
ત્યાંલગ પૂજા અણુએ અણુમાં કરશે પલટો ભારી.

(૯ ઓક્ટોબર ૧૯૪૫ હાવરા સ્ટેશન)

* * *

## ૫૦. અમે તો તારા પ્રેમપૂજારી

અમે તો તારા પ્રેમપૂજારી, પછી અમોને પરવા શાની,

જીવનના અરુણોદયમાંથી
અમને તેં તો ધારી ધારી
તારી આ વરમાળા ચઢાવી.
અમેય તારી પૂજા સ્વીકારી, પછી અમોને પરવા શાની ... અમે તો.

અંતર ફૂલની વાસ મજાની,
તેને અમારે ચરણે ઢાળી,
જીવન પ્રેમમહીં બસ માની.
આવ્યા અમે પણ જીવન ઢાળી, પછી અમોને પરવા શાની.

અંધારેલા અંતરના દ્વારે
આવીને તેં એક સવારે,
પ્રેમતણી ચિનગારી જગાવી,
મનમંદિરના દેવ જગાવી
ઘંટારવે ને એક જ ગાને,
આવ્યા અમે તેથી અમૃતમાંહી પછી અમોને પરવા શાની.

વ્યાધિ કે વાર્ધક્ય મૃત્યુ રે કાંઈ
કો'દિ શકે અમને ન સતાવી,
પાગલ જાણે મજા તારા પ્રેમની
જેણે તારે માટે જિંદગી માણી.
છાયા અમારે શિરે છે તેં ઢાળી પછી અમોને પરવા શાની.

૯-૧૦-૧૯૪૫ (કલકત્તાથી ઋષિકેશ જતાં રેલમાં)

* * *

## ૫૧. આજ ભાગ્ય બસ મારે

આજ ભાગ્ય બસ મારે, આજ ભાગ્ય બસ મારે !
કોઈ પ્રેમી મુક્તિ માગે, કોઈ વૈભવ યાચે,
કોઈ શક્તિ અપાર વખાણે, મળવા તુજમાં માગે.
પ્રેમ તું પ્યાલે પામે ... આજ ભાગ્ય.

તારામય છું થઈ ગયો ત્યાં યાચવું રહ્યું શું મારે,
તું સઘળે દેખાયે તારે ચરણે પ્રાણ સદાયે ... આજ ભાગ્ય.

લગીરશા આ જીવનની પ્યાલી હોઠે તું લગાડે,
રહી શકાય નહીં તેથી મળવા બહુવાર પધારે ... આજ ભાગ્ય.

મસ્ત કરી દે પાગલ પૂરો કરી મને દે ત્યારે,
આજ લેખ હો સદા લખેલા મારા રંક લલાટે ! ... આજ ભાગ્ય.

* * *

## પર. વહેતાં' તાં તારે હ્રદયપટપે

વહેતા'તાં તારે હ્રદયપટપે સ્રોત મધુરાં
દયાનાં, દેખીને તુજ હ્રદયતારો રણકતા
દુઃખી ને અજ્ઞાની વિષયરત એવા મનુજને,
રડેલો પ્રાર્થેલો બહુ મનુજ માટે જગતમાં.

કપાયે કષ્ટો આ જગત પરથી ને જન બધાં
બને પ્રેમી, પામે અતુલ સુખ ને શાંતિ ભજતાં
સદાયે આત્માને પ્રતિ ડગ ભરી સત્યપથમાં,
હતી ઈચ્છા તારે જગત પર તેથી પ્રકટવા.

હઠાવી દે તો આ હ્રદયપટના સર્વ પડદા
અને તેમાં દૈવી ઝરણ બનતાં ઝંકૃત થતાં
વહે લાખો રૂપે પ્રણય બનતાં શાંતિ સ્વરમાં
દયા ને ભક્તિના વિમલરૂપમાં જ્ઞાન બનતાં,

હવે એ આવ્યો છે સમય જડ ને આર્ત જગમાં,
હતી ઈચ્છા તારે જગતમહીં પાછા પ્રકટવા !

* * *

## ૫૩. તુજને જાણવું ખૂબ કઠિન

તુજને જાણવું ખૂબ કઠિન.

રામચંદ્રને રૂપે પણ સૌ શક્યા નહીં સમજી,
હનુમંત અને સીતા જેવાં બે ત્રણ બાદ કરી ... તુજને.

ભૂત હોય અભિમાનનું શિર પર ત્યાં હોયે તું નહીં,
મલિન હૃદયમાં પ્રતિબિમ્બ પડે તારું કેમ કરી. ... તુજને.

આવી જાયે પાસે કાંઈ કામનું તોય નહીં,
ઉલૂક કેમ કરીને સમજે ઊગે છતાંય રવિ. ... તુજને.

ઘટઘટમાં છે વાસ તહારો તું છે સૃષ્ટિ બની,
સાકાર બની પ્રકટે પ્રેમી પાસે પ્રેમ કરી. ... તુજને.

પ્રેમ નહીં પ્રકટે ત્યાં લગ છે દર્શન તારું કઠિન,
પવિત્ર અંતરને તું જણાવે તુજ સ્વરૂપ ઓ ઈશ ! ... તુજને.

પાગલ કરે પ્રણામ તહારા ચરણે પડી પડી,
લીલા કરવી જો કે બેમાં ભેદ જરીય નહીં. ... તુજને.

* * *

## ૫૪. મારા ઘરમાં ફરી રહ્યો !

મારા ઘરમાં ફરી રહ્યો !
કેટકેટલા દિવસે આજે પાછો અહીં ફર્યો ! ... મારા.

અનેક સાથે વાત કરી, આ ઘરમાં વાસ કર્યો,
રડ્યો હસ્યો ને માના પ્રેમે હંમેશ મસ્ત બન્યો ! ... મારા.

આજ ફરી આવ્યો આ ઘરમાં જોતાં મત્ત થયો,
જાણે મને ન કોઈ આજે મારા ઘરમાં અહો ! ... મારા.

ગદ્-ગદ્ અંતરથી મેં પાછો જામ પ્રેમનો ભર્યો,
યાદ કરીને વીત્યા દિવસો અશ્રુમહીંથી વહ્યો ! ... મારા.

ચાલો હવે સમય પલટાયો, ઉત્સવ બન્યો ખરો,
હિમાલયમહીં પાગલ કહે જતા રહેવાને અમો ! ... મારા.

* * *

## ૫૫. છોડી જાઉં જ્યારે આજે રાતે

છોડી જાઉં જ્યારે આજે રાતે
દક્ષિણેશ્વરને તારે ધામે,
દેહ મારો તો હજીયે વિરાજે,
રોમરોમથી હું એક જ રાગે
મારા અંતરમાંથી ગાયે
પૂરી કરવી પૂજા મારે !

જ્યાં લગ સર્વે દુઃખ ન જાયે,
સૃષ્ટિનાં બંધન ભેદાયે,
વસુધાના આ દિવ્ય લલાટે
પ્રેમ ને શાંતિનું અર્ચન થાયે;
યુગે યુગે આવી ત્યાં લગ સાચે,
પૂરી કરવી પૂજા મારે !

બુદ્ધ અને ઈશુએ આરંભી,
વેદવેદાંતે ચીંધી બતાવી;
કૃષ્ણ અને બીજા કૈંકે ગાઈ;
તેમાં ફરી ફરી રંગ લગાવી,
રૂંવે રૂંવે એને પ્રાણ જગાવી,
પૂરી કરવી પૂજા મારે !

બેચાર રોજ ગમે તેમ જાશે,
મોડું વહેલું ભલે થોડુંક થાશેઃ
પ્રાણનું પાણી ભલે કો'દિ થાશે,
તોયે આજે મારો આતમ ગાયે,
નીંદર તોડીને એક સવારે,
પૂરી કરવી પૂજા મારે !

* * *

## ૫૬. તારા વિના કોઈનાયે શરણે જતાં પહેલાં

તારા વિના કોઈનાયે શરણે જતાં પહેલાં
પાય મ્હારા તૂટો, જીવન મારું છૂટો !
તારા વિના કોઈની સંગાથે પ્રેમ કરતાં પહેલાં
પ્રાણ મ્હારા છૂટો, હૃદય મહારું તુટો !

તારો છે પૂરો પ્રેમ એક, બીજાનો પ્રેમ અધૂરો;
બીજાને આપી હૃદય સદાયે રહી જઈશ હું ઊણો.
ક્યાં પ્રશ્ન રહ્યો એ કિન્તુ હવે તો થયો પ્રેમ છે પૂરો,
તારાથી બીજે ગાંઠ બાંધતાં પહેલાં મારી જીવનદોરી તૂટો,
અંતર મારું ફૂટો ! ... તારા વિના કોઈનાયે.

તારા જેવો ના મળે મને આ જગમાં કોઈ પૂરો,
પૂરણને છોડી પીવો શાને જીવનજામ અધૂરો;
તેથી તો પાગલ થઈ સદા મેં તને જ પ્રાણ કબૂલ્યો,
રગ રગ આ ગાયે અંતર સાથે જાપ તહારો જૂનો.
રખે તમેયે ભૂલો પ્રેમી મને કબૂલ્યો ! ... તારા વિના કોઈનાયે

* * *

## ૫૭. જય જય ગોવર્ધનધારી

જય જય ગોવર્ધનધારી, જય જય હે રઘુરાઈ !

આજ ઉષાને અજવાળેથી ઊભો રહ્યો રથ આવી,
તેમાંથી ઉતરીને ઊભો તું મને સદ્ય પુકારી.
ચરણધૂલિ મેં અંગ લગાવી, પ્યાલી કરની પાઈ,
આંખમહીંથી મદિરા મારે અંગઅંગ તેં ઢાળી.
હવે મહારી ભીતિ ભાગી — ગયો હું તો પલટાઈ ! ... જય જય.

આ ભવમાં તેં કો'દિયે ના વાત વિષયની માંડી,
પવિત્ર ઉરની પ્રેમપિયાલી પ્રભુને પ્રેમે પાઈ.
કામિની અને કાંચન જેમાં જગત રહ્યું બંધાઈ,
તેનો સ્વામી બની ગયો તું મોહ ઉભયનો ત્યાગી ... જય જય.

કથા તહારી રહેશે ગાઈ ઘરઘરમાં નરનારી,
હું તો થયો છું પૂરો પાગલ કથા સાંભળી તારી,
મારા અંતરમાંહી રહેજે પ્રેમ સદા પ્રકટાવી,
મારે તારા પ્રેમથી જ છે રહેવું જીવન ધારી ! ... જય જય.

(૧૦ ઓક્ટોબર ૧૯૪૫)

*   *   *

## ૫૮. પંચવટીની આ પવિત્ર ભૂમિ

પંચવટીની આ પવિત્ર ભૂમિ પર તમે વારંવાર ફરતા હતા ને મધરાતની મધરાત એની પાસે બેસી અંતરમાં લીન બનતા હતા : એની પવિત્ર ધૂલિમાં હું આળોટું છું. પંચવટીની આ પવિત્ર ભૂમિ પર તમે ફરતા હતા.

અને આ તમારું નિવાસસ્થાન ! તેમાં તમે કેટકેટલાની સાથે વાતો કરતા હતા, ફરતા હતા. એના અણુએઅણુને હું ચુમું છું ને તેનો સ્પર્શ થવા બદલ ભાગ્યશાળી ગણું છું. આ ઓરડાની અંદર તમે ફરતા હતા.

સમય ને સંજોગોની સાથે બધું પલટાય તેમ અહીં પણ વાતાવરણ આજે એ નથી : છતાં કાળ ને સમયથી અતીત હે ભગવાન ! તમે હજી અહીં એવા જ ફરો છો, રહો છો, એમ સમજી તમારા ચરણમાં વારંવાર શિર ઢાળું છું !

* * *

## ૫૯. મેં તારી સાથે મૈત્રી બાંધી

મેં તારી સાથે મૈત્રી બાંધી તારો સંબંધ સાધી
મેં તારો સંબંધ સાધી !

નહિ ફક્ત પ્રેમથી તુષ્ટ બની જઉં ભાવ થકી નહિ ખાલી;
નહિ કેવલ દર્શનથી જ હંમેશાં કરી રહીશ ઉજાણી

નહિ સ્વલ્પ શક્તિ મળતાં જ સદાને કાજ જઈશ ભરાઈ;
નહિ શાંતિ મળ્યે પણ સુઈ રહીશ, થઈને ખુશ દિનરાતિ.

મેં પ્રેમ કર્યો તારી સાથે તો તારી મિલક્ત મારી;
પાગલ કહે નહીં તુજમાં મુજમાં ભેદ શકીશ ચલાવી.

ના ફક્ત સાધના મારે માટે મારી છે આ સારી,
ભારત ને વસુધા માટે એ તો પૂર્ણ સાધના તારી !

(૧૩ ઓક્ટોબર ૧૯૪૫ શનિવાર, શાન્તાશ્રમ, દેવપ્રયાગ)

* * *

## ૬૦. પડ્યો છું પાદપદ્મમાં પ્રભો

પડ્યો છું પાદપદ્મમાં પ્રભો, હંમેશ પ્રાર્થતાં,
કદીક શાંત ભાવમાં કદીક આંસુ સારતાં,
કરો કૃપાકટાક્ષ નાથ, આશ એક રાખું એ,
કૃપાકટાક્ષથી જ મુક્ત પૂર્ણતા લભીશ રે.

નથી જરીય શક્તિ સિદ્ધિ પ્રાપ્ત થાય જે વડે,
નથી અખંડ ભક્તિ જે થકી કૃતાર્થતા મળે;
ન માત્ર બુદ્ધિ, માત્ર ભાવના જરીક નાથ હે !
કૃપાકટાક્ષથી જ મુક્ત પૂર્ણતા લભીશ રે.

સવાર થાય, થાય સાંજ, રાત ને વળી પડે,
હંમેશ પ્રાણકાજ ઝેર જેમ જિંદગી બને;
શુ જીવવાનું હસ્ત આપનો ન જો ફરે શિરે,
કૃપાકટાક્ષથી જ મુક્ત પૂર્ણતા લભીશ રે.

દયા જ યાચું નાથ હે ! દયા સ્મિતે કરો તમે,
પડેલ જંગલે કરો સ્વરૂપશો મહા મને;
ભલે પછી ઠરાવ્યું હોય તેમ માહરું બને,
કૃપાકટાક્ષથી જ મુક્ત પૂર્ણતા લભીશ રે.

યુગોયુગોનું કાર્ય તે નિમિષમાં જ સાંપડે,
કૃપાકટાક્ષ એક જો તમારો અમને મળે;
સદાય હાથ જોડતાં હું પ્રાર્થું નાથ, એટલે,
કૃપાકટાક્ષથી જ મુક્ત પૂર્ણતા લભીશ રે.

* * *

## ૬૧. મારી ઈચ્છા તૃપ્ત ન થાય

મારી ઈચ્છા તૃપ્ત ન થાય,
તો તો કરુણાસાગરતણું બિરદ તારું લજવાય. ... મારી.

શું કરું વિષયરસ માટે મુજને જરી ન ઈચ્છા થાય,
ઈન્દ્રિયમનના પદાર્થ પામી લેશ ન શાંતિ થાય.

દુનિયાના લોકોની જેમ મને ના થાય વિરામ,
સુતવિતદારા પામી ન મને પૂર્ણ થાય વિશ્રામ.

અપાર તારો પ્રેમોદધિ તે પીવા તલસે પ્રાણ,
તેથી લેશ નહીં ચાલે તારી સમ બનાવ પ્રાણ !

પાગલ કહે હૃદયમાં તેં આ જગવી દીધી આગ,
શમશે નહિ ત્યાં લગ તુજને પણ થશે નહીં વિશ્રામ.

(૫ ઓક્ટોબર ૧૯૪૫ સોમવાર)

* * *

## ૬૨. જાગો, ભારતભાગ્યવિધાતા !

જાગો ભારતભાગ્યવિધાતા ! આવો, શાંતિ સૃષ્ટિમાં સ્થાપો !

ગુલામીનાં બંધન ભારતનાં દયા કરીને કાપો,
દરિદ્રતા ને દુઃખને ટાળો, અમૃતને વરસાવો !
ફરીવાર છાતીસરસાં આ બાલ તમારાં ચાંપો,
ભારતમાનાં રક્ત વિનાનાં શક્તિથી ભરો હાડો !

વસુધામાં સામ્રાજ્યલાલસા, સ્વાર્થ બધેય સમાયો,
દયા પ્રેમ ને સત્ય માર્ગથી વિમુખ જણાય બધાં હો !
આવો તમે પ્રભો, પથ ચીંધો, ભાવ પ્રેમનો સ્થાપો,
વેરઝેર ને હિંસા ટાળી જયજયકાર કરાઓ !

બહુ બહુ દિનથી ભારત તલસે, હવે તો પ્રકટ થાઓ,
દિવ્ય શક્તિ સાથે જનના કલ્યાણકાજ પ્રભુ, આવો !
તમે જ પ્રકટો નષ્ટપ્રાય કરવા બંધન માનાં હો,
તમારા વિના વસુધાને આ શાંતિ આપનારું કો'?

પ્રકટો પ્રભુ, બહુ બહુ દિન વીત્યા, હવે તો સમય આવ્યો,
જાગો ભારતભાગ્યવિધાતા, આવો, શાંતિ સૃષ્ટિમાં સ્થાપો.

* * *

## ૬૩. જ્યાં લગ

જ્યાં લગ મારું કાર્ય પૂર્ણ નહિ થાય,
સચવાઈ આ મારી રહેશે કાય.

આવ્યો છું ભારતમાતાના બંધ તોડવા કાજ,
સૃષ્ટિ સકળમાં શાંતિ સ્થાપવા સત્ય ધર્મને કાજ !
જ્યાં લગ માનાં બંધન મારે હાથે ના ભંગાય,
વસુધાના અંતરના પટ ના પ્રેમથકી રંગાય,
સચવાઈ આ મારી રહેશે કાય.

કોલાહલથી દૂર જગતના રહું છું વનમાં આજ,
શીખ ગુરૂ ગોવિન્દસિંહની જેમ ભલે એકાંત:
શક્તિપુંજ બનતાં આવીશ ફરી કોલાહલમાંહ્ય.
વસુધાની કાયાપલટ કરી દઈશ એ નિરધાર !
સચવાઈ આ મારી રહેશે કાય.

ભારત ! નથી વધારે વેળા આવ્યો સુવર્ણકાળ,
ગરીબી અને ઘોર ગુલામી જોઈ ઉકળ્યો પ્રાણ;
શક્તિસાધના મારાં તારે કાજ થશે કુરબાન:
ઈશ્વરનો સંકેત સત્ય આ ફેર નહીં પડનાર.
ઈશ્વર પોતે બહુ બહુ દિનથી પિગળ્યો તારે કાજ,
નહિ તૂટશે આ બંધન, વસુધા જ્યાં લગ શાંત ન થાય,
સચવાઈ આ મારી રહેશે કાય.

(૧૫ ઓક્ટોબર ૧૯૪૫, સોમવાર, દેવપ્રયાગ)

* * *

## ૬૪. ઓ સિદ્ધ લોક

ઓ સિદ્ધ લોક, માનવને નામે પુકારું તમને આવો !
ઓ ઈશ્વર દેવ ! જગતને માટે શક્તિ સકળ વરસાવો !
વસુધાને માટે તમે જ યત્ન કરો, સંકટને ટાળો;
જ્યાં તમે શોચશો ત્યાં જ સ્થપાશે શાંતિ હંમેશાં આવો !

ઓ યોગી લોકો તમારી સિદ્ધિ વસુધા માટે લાવો !
ભારતના જોગી રંગમંચ પર જગને હાક લગાવો !
આ ઘોર વિનાશ તરફ વળતી વસુધા આજે અટકાવો !
રે તમારા વિના કોની શક્તિ, પધારો સિદ્ધો આવો !

જે જ્ઞાન શક્તિ માનવના પોકાર થકી કંપ ન પામે,
જે સિદ્ધિ સાધના વસુધાને માટે ના કામ જ આવે;
રે નાખો તેને જલમાં; આવો દયાળુ સંતો આવો !
માનવનાં કાપી ઘોર દુઃખ પ્રભુતાનું રાજ્ય વસાવો !

ભારતના માનવદેવ આજ ઘરઘરમાં રહી પુકારે,
ભૂખ્યાં દુઃખ્યાં કંગાલ લોક લાખો આજે અહીં આવે;
લક્ષ્મી ને વૈભવ ભોગ કૈંક લોકો બીજા પણ માણે,
માનવમાં સમાનતા સ્થાપો આવીને સાચે ટાણે !

આ મૃત્યુલોકનો નહીં પ્રશ્ન, યોગી લોકો અહીં આવે,
સામર્થ્ય સિદ્ધિ પોતાનાં માનવકાજે આજ લગાવે;
ઓ દયાળુ ! આવો જગત પતનના માર્ગ પ્રતિ ડગ માંડે,
આવો નિઃસ્વાર્થ દયાળુ દેવ ! પાગલ એ આશિષ માગે.

* * *


## ૬૫. જે જે શક્તિ તમારી હતી

જે જે શક્તિ તમારી હતી,
તે તે મેળવવાને સઘળી મારી ઈચ્છા થતી ... જે જે.

દયા અને કરુણા પવિત્રતા શક્તિ અલૌકિક બધી,
મારે પણ સૌ જોઈએ તે ત્યારે મૈત્રી ખરી ! ... જે જે.

તમે મ્હારા હો તો તમારું મારું જાય બની,
વાર કેટલી લાગે ઈચ્છા તમે જ જ્યાં છે કરી ! ... જે જે.

પ્રેમ તમારો બાંધ્યો મેં તો ભેદ ચલાવું નહીં,
પાગલ કહે મ્હારું રૂપ તમારી બનો છબી ! ... જે જે.



* * *


## ૬૬. મને ના થાઓ કદી અભિમાન

મને ના થાઓ કદી અભિમાન,
આજીવન રહું બાલક જેવો નિત જિજ્ઞાસુ સમાન ! ... મને.

સંતદર્શને ધન્ય થઈશ હું મળતાં પુરૂષ મહાન:
જીવન કૃતાર્થ કર્યું તેઓને જોતાં કરીશ પ્રણામ ! ... મને.

કામિની અને કાંચન પર વિજયી કરજો હે નાથ !
તમારા જ જેવો પાગલને કરજો સિદ્ધ મહાન ! ... મને.

તમારે જ શરણે આવ્યો તો ઘડજો એવો ઘાટ
ગૌરવ થાઉં તમારે માટે, જગને ચીંધું વાટ ! ... મને.



* * *

## ૬૭. જ્યારે વિચાર મુજને થાય

જ્યારે વિચાર મુજને થાય,

અનેક સંત થયા આ જગમાં ઈશુ ને બુદ્ધસમાન
શંકર ને ચૈતન્ય જ્ઞાન ને પ્રેમતણા અવતાર.

નરસી મીરાં એકનાથ ને તુકારામ બડભાગ,
મારી ગણના એ સૌ આગળ તૃણ સરખીયે થાય ?

શક્તિ વિચારું એ સૌની તો આવે મુજને લાજ,
મહાર્ણવતણા તટ પર રમતો જાણે બાલસમાન !

મારે માટે નહિ તો તારે માટે પણ હે નાથ !
સંતતણો શિરમુકુટ કરી દે હવે મને તત્કાળ !

(૧૬-૧૭ ઓક્ટોબર ૧૯૪૫, દેવપ્રયાગ.)

* * *

## ૬૮. કરને એક દૃષ્ટિપાત

કરને એક દૃષ્ટિપાત,
તારો એક દૃષ્ટિપાત !
અંગ મારું ભંગ થાયે,
પ્રાણ બંને મિલન પામે.
એવો દૃષ્ટિપાત કરને.

પ્રેમરસની ગંગ ચાલે
તેમાં મારો પ્રાણ ન્હાયે,
પુલકિત બધાં અંગ થાયે.
એવો દૃષ્ટિપાત કરને.

એક ક્ષણમાં જે કરી દે
ધન્ય એવી દૃષ્ટિ તારી,
કૃપા કરતાં જોડ મારી
દૃષ્ટિ સાથે માત મારી !

કહે પાગલ દૃષ્ટિમાં હો
સાધના જ સમાપ્ત.
કરને એક દૃષ્ટિપાત.
તારો એક દૃષ્ટિપાત !

* * *

## ૬૯. ફક્ત અમે પ્રેમના પૂજારી

ફક્ત અમે પ્રેમના પૂજારી,
અમે પ્રેમના પૂજારી.

પ્રેમની જ દુનિયામાં રમતા અમે થયા
આંખડી જ્યારથી ઉઘાડી ... અમે.

પ્રેમભરી માતાએ પ્રેમભીના હાથથી
ગળથૂથી પ્રેમની પાઈ ... અમે.

પ્રેમની જ વાત અમે એકાકી જાણીએ,
પ્રેમ જ આલાપીએ, પ્રેમ જ પરમાણીયે,
મદિરા છે પ્રેમની પાઈ ... અમે.

પ્રેમનાં જ આંસુ ગણી ફૂલડાં ચઢાવિયે,
શીશ સદા પ્રેમદેવ ચરણોમાં ઢાળિયે,
મસ્ત અમે પાગલ પૂજારી ... અમે.

શાંતિ આનંદની અમારી પ્રસાદી,
એકરૂપ થાવું એ મિલકત અમારી,
ધન્યતાની વાત ક્યાં આવી ? .... અમે.

પૃથ્વી ને સૂર્ય ચંદ્ર કરતાં આ થાકશે,
સાગર ને સંત કદી મર્યાદા ત્યાગશે,
પૂજા થશે નહીં ઠાલી ... અમે.

(૨૧ ઓક્ટોબર ૧૯૪૫, દેવપ્રયાગ)

* * *

## ૭૦. તારી આંખ મારી આંખ સાથે

તારી આંખ મારી આંખ સાથે આ જડાઈ જાય,
વરસે તે મહીંથી પુનિત ઝરતી પ્રેમની રસધાર,
મુજને શી પરવા, હૃદયમાં પ્રેમ જાગી જાય ... તારી આંખ.

ડરાવી ના શકે મુજને પછીથી જગતની કો' વાત,
સમય કે કાળનાં બંધન અડે ના, ના રહે કો' પાપ;
તારી રૂપગંગાની લહર જો એક જ મળી જાય ... તારી આંખ.

ન રહે દુઃખ, શોક પછી હૃદયની ના રહે કો' હાય,
સદાને કાજ—હંમેશ મુક્તિ, વહે રસતણી ધાર,
તારા પ્રેમનો જો એક પણ છાંટો જ ઊડી જાય ! ... તારી આંખ.

મારા હૃદયના દલદલપરે તારી સવારી થાય,
જગાવે એક તારો સ્વર સજાવી સર્વ તેના તાર,
મારો પ્રાણનો રસિયો કલાપી મસ્ત માંડે નાચ ... તારી આંખ.

મારી જિંદગી તો આજ દર્શન સાથ થાય સમાપ્ત,
મદિરા પી તહારી થાય મારો પ્રાણ પૂર્ણ રસાલ;
અનુભવ્યું તે જ શાશ્વત શબ્દમાં આનંદ સાચે ગાય ... તારી આંખ.

(૨૫ ઓક્ટોબર ૧૯૪૫, ગુરૂવાર)

* * *

## ૭૧. પીને દિવ્ય પ્રેમની પ્યાલી

દિવ્ય પ્રેમની પ્યાલી, પીને દિવ્ય પ્રેમની પ્યાલી,
પાગલ થયા અમે તો કાયા છે પલટાઈ સારી ... દિવ્ય પ્રેમની.

પ્રેમની જ સાથે રાખી જીવનભર અમે સગાઈ,
પ્રેમ વિના ના સાધન કાંઈ, થઈ ગયા બડભાગી ... દિવ્ય પ્રેમની.

ભણ્યા નહીં કૈં શાસ્ત્ર, કર્યા ના વાદવિવાદે કાંઈ,
કર્યો વેશપલટો પણ ના, ના નામ પણ બદલ્યું કાંઈ ... દિવ્ય પ્રેમની.

શરીર પર ફૂલો સજનારા મંદિરમાં પ્રભુ માની,
પ્રેમદેવની સાથે રમતાં થયા પ્રેમ– બલિહારી ! ... દિવ્ય પ્રેમની.

(મૂળ, ૨ ઓક્ટોબર ૧૯૪૫, ઋષિકેશ)

* * *

## ૭૨. જે કોઈ તારું ધ્યાન ધરે

જે કોઈ તારું ધ્યાન ધરે,
તારો જાપ જપે ને નિશદિન તુજને યાદ કરે ... જે.

તે સૌ મારા સ્વજન સુહૃદ ને કુટુંબીજનો તે,
મીન બની જે તારા પ્રેમામૃતજલમાં જ તરે ... જે.

દાસ તેમનો થવા સદાયે તત્પર હું તો ખરે,
જે તારા મુખકમલરસમહીં અલિની જેમ રમે ... જે.

તેની દૃષ્ટિથકીયે મારી કાયા ધન્ય બને,
સાંધ્ય નભપરે પંખી જેવા જે રસમાં જ તરે ... જે.

વંદું બધાંને, સકળ સૃષ્ટિ માટે તુજ રૂપ ભલે,
ચરણે પડું જે આઠે પહોર તુજને ઉરમાં જ જુએ ... જે.

પાગલ પ્રેમી તારા મુજને સૌથી પ્રિય છે ખરે,
રિદ્ધિસિદ્ધિના સ્વામી જેની પાછળ તું યે ફરે ... જે.

(૨૬ ઓક્ટોબર ૧૯૪૫, દેવપ્રયાગ)

* * *

## ૭૩. અનેક રૂપ તમારાં

અનેક રૂપ તમારાં ગણના એની કદી ના થાયે,
ધનુષબાણ લો રામ બનો વંશીસહ કૃષ્ણ કહાયે,
ભગવતી શારદા ત્રિપુરા નામ અનેક તમારાં થાયે;
આજ સ્વરૂપ તમારું પરંતુ પ્રિય મુજને વધુ લાગે;
હે રામકૃષ્ણપ્રભુ ! મત્ત બનાવો અંતરને રસરાગે !

સુખાસનમાં બેઠા છો અર્ધોન્મીલિત નયન સાથે:
અંગુલિ અંગુલિમાં ભીડીને, વસ્ત્ર એક બસ કાયે:
એવા મનહર જેવા વેશમાં પ્રભો પ્યારા મુજને લાગે,
હે રામકૃષ્ણપ્રભુ ! મત્ત બનાવો અંતરને રસરાગે !

હૃદય અબ્ધિ મારું તો રૂપ તમારું ચંદ્ર જ થાયે,
ચાતક ચિત્ત બને તો સ્વાતિનું બિંદુ હંમેશ મહારે:
કહે પાગલ પ્રભુજી, આજ સ્વરૂપે રહો હૃદય હરકાળે,
હે રામકૃષ્ણપ્રભુ ! મત્ત બનાવો અંતરને રસરાગે !

(૨૨ ઑકટોબર.૧૯૪૫)

* * *

## ૭૪. પીયે જા, ઓ પીનારા !

પીયે જા, પીયે જા,
ઓ પીનારા ! પીયે જા !

હાથે લીધી પ્રેમપ્યાલી મદિરાથી છલકાતી;
એવી આ તો પ્રેમપ્યાલી પીએ ત્યમ ત્યમ પ્યાસી થા.

પોથી સર્વ મૂકી દે તારી, વાત બધીયે છાંડી જા;
સુવાસ જ્યાં છૂટી સાકીની બધું યે તે પર વારી જા !

મંદિર મસ્જિદ ક્રિયાકર્મ સૌયે પર પાણી ઢાળી જા,
નાતજાત દે ફૂંક લગાવી મસ્તી કેવલ પામી જા !

મુક્ત તું સ્વભાવથી જ સ્વતંત્ર વિશુદ્ધ રસે બસ ડૂબી જા:
મનવચનતણી પાર પહોંચી અમુલખ લહાવો લૂંટી જા !

પીયે જા બસ પીયે જા, મતવાલો બનતાં પીયે જા:
પડી પડી ભૂતલ પર વારંવાર ઉઠીને પીયે જા !

(૨૮ ઓક્ટોબર ૧૯૪૫)

* * *

## ૭૫. જ્યારે સૃષ્ટિ સકળમાં રાજો

જ્યારે સૃષ્ટિ સકળમાં રાજો,
નયન અમારાં કેમ ન નિરખે, વ્યાપક વિશ્વ વિરાજો !

તારામાં, વાદળમાં, કુસુમે દિગાદિગંતમાં રાજો:
પ્રેમીજનને તોપણ શાને વ્યર્થ સદા તલસાવો ?

અંધારા પડદા અંતરના કૃપા કરી ના કાપો,
ત્યાં લગ કેમ તમારું દર્શન, કેમ કરી નિરખાઓ !

વાદળ પાછળ ચંદ્ર છુપાતાં કેમ કરી નિરખાયે ?
અહંકાર ને મમતાના પટ, દર્શન કેમ જ થાયે ?

તમારી કૃપા વિના લેશ ના ઝાંખી તમારી થાયે;
પ્રેમ કરીને જે જાણ્યું તે પ્રેમે આજ ગવાયે.

* * *

## ૭૬. જે પ્રેમ કરે તારા પર

જે પ્રેમ કરે તારા પર તુજને સ્વપ્નમહીં પણ યાદ કરે,
તારી લીલા ને કથામહીં જે ભ્રમર બની ગુલતાન બને,
તે મહાભાગના દર્શનથી કર કૃતાર્થ આંખ સદા મારી,
તેની પદધૂલિ થઈને મારે અંગે લગાવવી સારી.

તેનો અવશિષ્ટ પ્રસાદ પણ મળે જીવન તો કૃતકૃત્ય બને
જૂઠા પાણીનું બિંદુ પણ પડે કાયા તો સંશુદ્ધિ લભે;
તેનાં ચરણોની રજને મારે અંગે પણ ઉડવા દેજે,
તેના સ્વરના અમૃતપાને અમૃતમય અંતર મારું બને.

તેની વચમાં વસતાં તારી મદિરા તું પ્રેમતણી પિરસે,
ને એ મસ્તીમાં જીવન મારું સદાય માટે શાંત બને;
એવો હો પ્રેમ તને પણ મારી પાછળ જે કુરબાન કરે,
પાગલ પૂરો થઉં જો પ્રેમીનો એક જ દૃષ્ટિપાત મળે !

* * *

## ૭૭. તારે માટે કેટલો છે પ્રેમ

તારે માટે કેટલો છે પ્રેમ મારા અંતરમાં,
કાવ્યમાં આપી શકાશે ના એનો ચિતાર,
ચિત્રકાર છું નહીં નહીં તો એક ચિત્ર દોરી
પ્રેમના પીયૂષે કર્યો હોત રંગરાગ !

કોઈ એવી યાદ મને ઉપમાયે આવતી ના
જેમાં વ્યક્ત હોઈ શકે પ્રેમકેરો ભાવ:
શબ્દ ને વિચારથી અતીત પ્રેમતત્ત્વ સાચે,
અંતરમાં ઊંડે ઊંડે કરી રહું જાણ.

એમ થાય કે તને જો હૈયું ખોલીને બતાવું
તારું એક રૂપ એમાં દેખાયે મહાન :
કિન્તુ મારા અંગઅંગમાંયે તારી પ્રેમવીણા
બાજી રહી એ જ એક છેડીને આલાપ !

રૂંવે રૂંવે નાદ તારો, દગમાં આલાપ તારો,
મારી સરિતાનો તારા સિંધુમાં મિલાપ;
અલગ શકે કરી ના આપણને કોઈ કદીં,
તાણાવાણા જેમ મળ્યા આપણા છે પ્રાણ.

કાંઈ નહીં, આટલું કહી શકું કે સૂના મારા
અંતરમાં એક તારી મીઠડી છે છાંય:
પ્રેમ કરી મારી સાથે મોટો ઉપકાર કર્યો,
ભૂલી શકું કેમે કરી નહીં તારો પાડ !

(૩૦ ઑક્ટોબર ૧૯૪૫)

* * *

## ૭૮. પ્રભો, છેલ્લે છેલ્લે

પ્રભો, છેલ્લે છેલ્લે: બહુ બહુ તમે ગાન જગવ્યાં
મહારા નાનાશા હૃદયપટમાં પ્રાણ ભરવા,
પ્રભો, એવી રીતે સકલ જગમાં પ્રાણ ભરવા
પ્રકાશો પાવિત્ર્યેભર ભરતની ભૂમિમહીં આ.

અપંગો ને અંધાં બહું બહું અહીં આજ જગમાં;
પ્રભો, માગે છે તે પ્રણયભર કો' દર્શક મહાઃ
મળ્યા છે દૃષ્ટિમાં અધિક જનની સ્વાર્થ જડતાઃ
પ્રભો, કાપો તેને પ્રકટ બનતાં બુદ્ધ સરખા !

પ્રભો, છેલ્લે છેલ્લે: વિનવું તમને વહાલ કરતાં;
વસો છો વિશ્વે આ પતિ જગતના છો અમ પિતાઃ
દયાભાવે તો યે યુગયુગ મહીં રૂપ ધરતા,
ધરિત્રીના તાપો પુનિત પગલે દૂર કરતા.

પ્રભો, આજે આવી સકલ જગમાં પ્રેમ ભરજો,
બધાંને આલિંગી પ્રભુ, પરમ સૂત્રે સમવજો !

* * *

### ૭૯. પ્રેમ કરી પ્રભુજી, મારે દ્વારે આવો જી !

પ્રેમ કરી પ્રભુજી, મારે દ્વારે આવો જી !

મનમંદિરમાં મૂર્તિ તમારી જોઉં હંમેશાં ધારીધારી;
પ્રકટ બની જલદી – મારે દ્વારે આવો જી ! ... પ્રેમ કરી પ્રભુજી.

ઘડી ઘડી વીતે છે મારી માળા તમ નામની ચલાવી;
ધમકે છે ધમની – મારે દ્વારે આવો જી ! ... પ્રેમ કરી પ્રભુજી.

આવો પ્રભુ, આલિંગન આપોઃ તનમનનાં સૌ બંધન કાપોઃ
પ્રેમધારમાં સ્નાન કરાઓઃ ગાઈ ગાઈ સાથે નાચોઃ
મારી તો આ લગની–મારે દ્વારે આવો જી ! ... પ્રેમ કરી પ્રભુજી.

બદલામાં ના માગું કાંઈ, ફક્ત પ્રેમનો હું તો ભિખારીઃ
મધુર દૃષ્ટિ જો પામું તમારી થાય મ્હારે મહા ઉજાણીઃ
મત્ત બનું રસથી – મારે દ્વારે આવો જી ! ... પ્રેમ કરી પ્રભુજી.

ધૂલિ તમારા પદની પામી અંગે અંગે રહું લગાવીઃ
આજ આશ અમથી – મારે દ્વારે આવો જી ! ... પ્રેમ કરી પ્રભુજી.

પાગલ થયો તમારા જેવો, ફેર રહ્યો છે નહીં જ એવો,
તેથી તો પ્રભુજી – મારે દ્વારે આવો જી ! ... પ્રેમ કરી પ્રભુજી.

(૧ નવેમ્બર ૧૯૪૫ ગુરૂવાર)

*    *    *

## ૮૦. હંમેશા પ્રાર્થીને

હંમેશાં પ્રાર્થીને અમરસમ આશા પણ મરી,
ગઈ શ્રદ્ધા મારી હૃદયમહીંથી છેક જ તૂટી;
પુકારીને વાણી કરુણ બનતાં નષ્ટ જ થઈ,
સુકાઈ આંખેથી વિરહસુખની ધાર જલની.

છતાં મારે માટે પ્રકટ ન થઈ, મૂર્ત ન બની,
વહાલી ઓ માતા ! નવ નવ શકી દર્શન દઈ,
દયા ક્યાં છે તારા હૃદયપટપે; પત્થર બની
મહારે માટે તો, રૂદન કરતાં યે ન પિગળી.

હવે શાને કાયા અધિક ધરવી, અન્નજલથી
સદાયે સંતોષી નવ અધિક રક્ષા ય કરવી,
તહારે માટે એ ખતમ જ થતી છો બલિ બની,
શું આનંદે એને ફરું જગતમાં વ્યર્થ જ લઈ !

તલવાર દિવાલેથી તાણીને શિરપે ધરે,
મૂર્તિમાંથી થઈ માતા મૂર્ત ત્યાં વચમાં પડે !

* * *

## ૮૧. અધર્મ જ્યારે પ્રસરે ધરાએ

અધર્મ જ્યારે પ્રસરે ધરાએ,
જન્મી તહીં સ્થાપુ છું ધર્મ ત્યારે,
ગાયેલ જેણે સ્વમુખે જ ગાને,
તે રામકૃષ્ણપ્રભુ હે પ્રસન્ન હો !

આવ્યા પહેલાં પણ કૃષ્ણરૂપે
ને રામરૂપે પણ જે પધાર્યા,
સિદ્ધાર્થરૂપે પ્રકટ્યા ધરામાં,
તે રામકૃષ્ણપ્રભુ હે પ્રસન્ન હો !

હતાં બધાં માર્ગ ભૂલેલ એવાં
ત્યારે ફરીને પથને બતાવવા
જન્મ્યા કરુણાર્દ્ર ગદાધરે જે
તે રામકૃષ્ણપ્રભુ હે પ્રસન્ન હો !

જે કામિની કાંચન સૃષ્ટિને આ
બાંધી રહે વ્યાપ્ત કરંત માયા,
તેને સદા પૂર્ણપણે જ જીત્યાં,
તે રામકૃષ્ણપ્રભુ હે પ્રસન્ન હો !

વૈરાગ્ય ને પ્રેમસ્વરૂપ એવા,
વિશુદ્ધિના તો અવતાર જેવા,
પૃથ્વીપરે જે પ્રભુજી રહેલા
તે રામકૃષ્ણપ્રભુ હે પ્રસન્ન હો !

મુગ્ધાસમી સુંદર શારદાનાં
પૂજા કરી પાવનશાં પદોમાં
માતા કહી જે શિશુ જેમ નામ્યા,
તે રામકૃષ્ણપ્રભુ હે પ્રસન્ન હો !

જેને સ્મરી પાવન કૈંક થાયે,
જેની કરી યાદ વિશુદ્ધ થાયે
પાપી, સદાકાજ પ્રશાંતિ પામે,
તે રામકૃષ્ણપ્રભુ હે પ્રસન્ન હો !

(૧ નવેમ્બર ૧૯૪૫)

* * *

## ૮૨. અરે આ કોણ છે ?

અરે આ કોણ છે ?

પ્રેમાશ્રુથી મારાં પાય પખાળી
કેશ સુંવાળાનો સ્પર્શ કરાવી-
સારાંયે કોમલ અંગ ઝુકાવી
આ પ્રણિપાત કરી લેનારું કોણ છે : અરે આ કોણ છે ?

આંખમાં ગંગાજમુનાની ધારા
કંઠમાં આવી બની જાયે માળા;
રુંધાઈ પ્રેમથકી ગઈ વાણી,
એવી અવસ્થામાં આજે આવ્યું કોણ છે : અરે આ કોણ છે ?

માતા, હું જાણું છું અંગને ના તું પૂજે,
પ્રેમના દેવની પૂજા મારામાં કરે;
યાચે બની મારી ગુરૂ તું આજે ખરે,
માતા, રે આટલો પ્રેમ શે તારે વિશે ?

આજ લગી હું તો સંતને જોઈ જોડતો'તો હાથ ફક્ત ખરે,
તેં સમજાવ્યું મને આજે સંતના પૂજવા પાયને કેમ હવે !
હે ગૌરવાન્વિત મસ્તક ! સંતના પાયમાં પુષ્પની જેમ નમો,
હે મારાં અંગાંગ ! પદ્મની પાંખડી જેમ તમે તેની પાસે ઢળો !

તે પદની મળે ધૂલિ તોયે તમે સાચે સદાકાજે ધન્ય બનો,
પાગલના મધુ પ્રાણ, તમે સંત-મંદિરનો સદા દીપ બનો !

(૨ નવેમ્બર ૧૯૪૫ શુક્રવાર, દેવપ્રયાગ)

* * *

## ૮૩. કેટકેટલા દિનોથી

કેટકેટલા દિનોથી માના અંકમાં ન મૂક્યું શીશ મેં;
કેટલાદિનોથી માનો હસ્ત ના ફર્યો શિરે !
માતા હે, સુવા દો મને સુંવાળા ખોળા વિશે,
કેટકેટલાદિનોથી હસ્ત ના ફર્યો શિરે !

પંડિતાઈ ને ગંભીરતા મૂકાવો બાજુએ,
સંતપણું ને કવિત્વ એકબાજુ છો રહે,
બાલ જેવો બનવા દો તમારી પાસે મને,
કેટકેટલા દિનોથી હસ્ત ના ફર્યો શિરે !

આવરણને હઠાવો દૂર અંગથી હવે,
ખુલ્લે અંગે આવવા દો ખોળામાં માતા, મને,
જેમ સ્ત્રોત કોઈ નદીઅંકમાં જઈ મળે,
કેટકેટલા દિનોથી હસ્ત ના ફર્યો શિરે !

પાગલ કહે મા, ફેરવોને હસ્ત મારે શિરે,
અમૃતત્વ, રિદ્ધિસિદ્ધિ, હસ્તને વિશે વસે;
ત્રિતાપ કરે એ દૂર, દયા કરો માત હે,
કેટકેટલા દિનોથી હસ્ત ના ફર્યો શિરે !

* * *

## ૮૪. કેવો તારો થઉં ભક્ત

કેવો તારો થઉં ભક્ત - તને જેથી આનંદ અપાર થશે:

મંદિર મસ્જિદમાં ફરનારો કે ક્રિયાકર્મમાં રમનારો;
ટીલાંટપકાં ને માળા ધારું તેથી તો ખુશ ના જ થશે.
રડનાર સદા તુજ પ્રેમમહીં આનંદમહીં મસ્તાન સમો,
વસનાર વિજનમાં, મૌની, જોઈ વિભોર આનંદે બનશે ?

આવો વિચાર કરતો'તો ત્યાં તો સ્વપ્ન દઈ તેં કહ્યું મને-
મુજ પ્રેમથકી જા મત્ત બની, એવો પ્રિયતમ છે ભક્ત મને !
સંશુદ્ધ કરી દે અંતર દર્પણ જેમ મને જોવા કાજે,
પૂર્ણપણે પ્રકટ થવા દે મુજને, એવો પ્રિયતમ ભક્ત મને !

ત્યાં લગી વિજનમાં વાસ ભલે કર, મસ્ત પ્રેમમાં થા તું ભલે,
પર્વત ને સરિતા પર વસતાં જીવનને યાપન કર સઘળે !
હું જ સાધના કરું તારામાંથી મારે માટે આજ ખરે,
ને સમય આવશે તૃષાર્ત જનને પા જલપાન તું પ્રેમસ્વરે.

દે શાંતિદાન: કરુણાલિંગન : આવો તું ભક્ત થા દિવ્ય ખરે,
મંજીરાં ને કરતાલ મૃદંગ મને કેવલ ના ગમે હવે.
સીધો ને સાદો: શાંતિમૂર્તિ: નિરાભિમાનની તો મૂર્તિ દિસે,
મારા પૂર્ણાંશસમો પ્રેમી થા : એવો પ્રિયતમ ભક્ત મને !

આજ્ઞા માની શિર તુર્ત ઝુકાવ્યું, ધાર્યું તારું તે જ બને,
મુજ સૂત્રધાર થા મારે માટે તું જ એકલ ધ્રુવસ્થાન, પ્રિયે !

* * *

## ૮૫. લીલા જ્યારે પ્રભુજી કરતા

લીલા જ્યારે પ્રભુજી કરતા
ત્યારે મારો જન્મ થયો ના, આ પૃથ્વી પર ફરતા.

આનંદમહીં વિભોર બનતાં સાથ રહેત હંમેશાં,
પ્રેમામૃતમાં ન્હાતાંન્હાતાં મસ્ત રહેત હમેશાં !

સ્વરૂપ કેવું તમારું સુંદર, જોવા મળત હંમેશાં,
અમૃતમય વાણીથી કર્ણ કૃતાર્થ જ થાત ખરે આ.

સુંદર ચરણ તમારાં શિર પર રાખી રે'ત હમેશાં,
એ આનંદમહીં જીવન એ પૂરણ થાત ભલે આ.

જન્મ થયો ના કિન્તુ મહારો, પ્રેમ હવે પ્રકટ્યો આ
ગંગાજમના રસની જાગી, દર્દ તમારું મહા આ !

ફરી હવે તો બનો મહારે માટે જાગ્રત વહાલા !
આલિંગન દેવા પાગલને એ જ શરીરે પ્યારા !

* * *

## ૮૬. મૂર્ખ ના પ્રેમભક્તિમાં ભળે

મૂર્ખ ના પ્રેમભક્તિમાં ભળે.
જન્મજન્મના પાપી આનો વિશ્વાસે ના કરે ... મૂર્ખ.

જાણે ના જે સંતપુરૂષ તે કદીયે પણ ના મરે,
કાળતણા છે સ્વામી તે તો સ્વરૂપમાં જ રમે ... મૂર્ખ.

વાસના ઉપર પાણી મૂકી ઈશ્વર પાછળ ફરે,
શાંત મુક્ત ને પૂર્ણ થયા તે ઈશ્વર સરખા ખરે ... મૂર્ખ.

હિત માટે લોકોનાં દયા કરીને કાય ધરે,
પાગલ મહિમા મહાપુરૂષનો સર્વે શું સમજે ! ... મૂર્ખ.

(નવેમ્બર ૧૯૪૫, દિવાળી)

*   *   *



## ૮૭. અવિચળ આનંદે જીવન મારું

અવિચળ આનંદે જીવન મારું પૂર્ણ કરીશ સદાય,
પરમાનંદમહીં જીવન મારું પૂર્ણ કરીશ સદાય,
જે હોય છેક ગંભીર ને ભલે માણે ના ઉલ્લાસ,
ઉલ્લાસમહીં જીવન વહેશે બની પરમ ઉલ્લાસ.

જેના વદને તાળાં, જે ન હસે ગાય ના ગાન
સ્મિત નર્તન ને સંકીર્તન કરતાં હું તો થઉં ગુલતાન
જે અકાળ વૃદ્ધ બન્યા તે મૃત્યુપથારી માંડે આજ,
ચિરયૌવન મારે કાજ – હું તો શિશુના સરખો હરકાળ.

છે વિષની નહીં કટોરી જીવન, અમૃતનો છે જામ,
અધરે હરરોજ લગાવી અને થઈ રહું કૃતકામ.
આ અભિશાપ નથી અવની અનંત અમૃતનો અવતાર,
ગાંભીર્ય મૃત્યુ કે મૌનમહીં પણ પરમ રહ્યો આસ્વાદ

આ જીવનમાંહે મધુર મહોત્સવ, પૂર્ણતાતણું છે પાન.
હરસ્થિતિમાં ગણું ધન્યતાતણું ગૌરવભીનું ગાન

(શાંતાશ્રમ, દેવપ્રયાગ)

* * *

## ૮૮. તમારું રૂપ છે નહીં કાંઈ

તમારું રૂપ છે નહીં કાંઈ.
રૂપ છે નહીં, શીલ છે નહીં, આકર્ષણ નહિ કાંઈ ... તમારું.

મુખ નવ સુંદર, અધર નયનથી સુંદરતા પણ નાહીં,
અંગ કુરૂપ તમારાં જોવાં ગમે નહીં દગ માંડી. ... તમારું.

વચન ન સુંદર, સ્પર્શ ન શીતલ, મનમોહક નહિ કાંઈ,
જોતાંવેંત જ હૃદયે વળગે સ્વરૂપ એવું ન ભારી. ... તમારું.

પાગલ હું તો પ્રણયની ભાષામાં નાખું બધું ગાઈ;
તમે જ સુંદર સત્ય સનાતન : જોતાં રહું ન ધરાઈ. ... તમારું.

* * *

## ૮૯. અમે પ્રેમનગરના વાસી

અમે પ્રેમનગરના વાસી, જ્ઞાનભક્તિ અમારી દાસી.

ભવનો સાગર રહ્યો જેને સતાવી, તે એ જાયે બધું ત્યાગી,
સચરાચરે અમે તો ક્રીડા કરી રહ્યા, જ્યાં જ્યાં જઈએ ત્યાં કાશી ... અમે.

પગલે પગલે અમારે તીરથ મંડાતાં; મુક્તિ અમારી પટરાણી;
શાંતિના સ્વામી અમે આનંદે રાચતા, ચિંતાની પોટલી ફગાવી ... અમે.

આઠે પહોર આવે અહીં તો દીપાવલી, ઈદ છે અહીં તો સદાની;
આત્માના આસને અમે તો વિરાજિયા, તે જ દિનથી બડભાગી ... અમે.

આઠે પહોર અમે પ્રેમની મદિરામાં અંગને રહેતા પખાળી;
અવનીમાં એક અમે પ્રેમી પૂરેપૂરા, અમારા વિના નહીં કાંઈ ... અમે.

* * *

## ૯૦. તારી સાથે પ્રીત બાંધી

તારી સાથે પ્રીત બાંધી મૂકી મેં તો હોડ,
કાયા ચિત્ત પ્રાણતણી મૂકી મેં તો હોડ,
તનમનધન મેં તો કરી દીધાં ફોક,
તારી સાથે પ્રીત બાંધી મૂકી મેં તો હોડ !

વિષ્ટા જેવા જોયા મેં તો સંસારી સૌ ભોગ,
જિંદગીનું તારી સાથે જોડી દીધું સ્રોત;
સુંદરતા ને બુદ્ધિમત્તાની મૂકી દીધી હોડ !

જુવાનીને સાટે તને તોલ્યો તોલેતોલ,
સારીયે સૃષ્ટિમાં આવા સોદાની ના જોડ,
મેં તો તારો, પ્રેમદારૂ પીધો મોલેમોલ.

પૂછે પાગલ બાકી રહ્યું કાંઈ હજી બોલ,
તારે માટે મારી મેં તો મૂકી દીધી હોડ.

* * *

## ૯૧. મુખે તારું નામ – હૃદે તારું ધ્યાન !

મુખે તારું નામ, હૃદે તારું ધ્યાન !

મંગલ મંજુલ પાવનકારી મુખમાં તારું નામ,
રસગંગામાં સ્નાન કરાવે હૃદયે તારું ધ્યાન.
મુખે તારું નામ — હૃદે તારું ધ્યાન !

સ્મરણમનન તારું જ મનમહીં, તારું રૂપ વિરાટ,
સંધ્યા ઉષા ચરણમાં તારે વિહંગ મારો પ્રાણ.
મુખે તારું નામ — હૃદે તારું ધ્યાન !

તું જ પ્રિય ગુરૂ બધું તું જ તાત માત;
તું જ મારે મિલ્કત ભારી, તું જ મારે શ્વાસ !
મુખે તારું નામ — હૃદે તારું ધ્યાન !

બીજી મારે નહીં આશા: આજ રહો ભાગ્ય:
મારી સાથે પ્રેમ કરી તું યે હો બડભાગ !
મુખે તારું નામ — હૃદે તારું ધ્યાન !

હવે મને શી પરવા છે મુખે તારું નામ,
ધન્ય પાગલ જે ક્ષણ તુજને લાગ્યું મારું ધ્યાન !
મુખે તારું નામ — હૃદે તારું ધ્યાન !

* * *

## ૯૨. કંટક થઈ થઈને

કંટક થઈને પાની મારી છોને ચુમો,
પત્થર થઈને તમે છેદો છોને પાય;
પાગલ કરી દીધો છે પ્રેમથી તમારા મને
દિનરાત જંગલે છો તલસાવો નાથ !

રાતદિન મારે માટે ચોમાસું છે આંખમાંહી,
કુદરતી મૌન દર્શને તમારા સાચ;
પાનીમાંથી રક્ત ચાલે તોયે પદધૂલિરૂપે
ચુમી લો ભલેને તમે પ્રેમે મારા પાય.

કોણ જાણે ક્યારે મારી પૂજા થાશે પૂરી હવે,
પૂરી કરવાની સાથે મારે નહિ કામ;
પ્રેમમાં વિભોર તારે માટે હું દીવાનો થઉં,
મારા અંગઅંગે ઊઠે તારો ચમકાર !

જીવન છે તારૂં, તારે ચરણે છે હૈયું ઢાળ્યું,
કરવું હોયે તે કરી લે તું વારંવાર,
હું તો માત્ર બંસી, તું બજાવનાર પ્રાણ મારો,
તારો મારા પર રહ્યો સર્વ અધિકાર !

ખાવું હોય તો ખા મારા મુખમાં તું અન્ન નાખી,
સરિતા સલિલ પી જો ઠારવી હો પ્યાસ:
રડાવી નચાવીને આનંદ – મારી વેદનાને
હજારગણી વધારી કરી લે તું સ્નાન !

નાથ મારા, શાંતિ મને ભૂલમાંયે આપજે ના,
શાંતિમાંયે હોજો તારી વેદનાનું દાન,
મારો પૂર્ણ તું બની જા ત્યાં લગી તપાવ મને,
તારા મારામાં રહો ના કાંઈ ફેરફાર.

* * *

## ૯૩. જ્યાં લગ પ્રેમ નહીં પ્રકટે

જ્યાં લગ પ્રેમ નહીં પ્રકટે, તારો પ્રેમ નહીં પ્રકટે,
ત્યાં લગ શો આનંદ સદાની શાંતિ કેમ મળે ?
જ્યાં લગ પ્રેમ નહીં પ્રકટે !

દર્શન પછી જો જાય દઈ તો અર્થ ન કૈંય સરે,
ક્ષણભરનો આનંદ સદાને કાજે કેમ ટકે ?
જ્યાં લગ પ્રેમ નહીં પ્રકટે !

પ્રેમનહીં પ્રકટે ત્યાં લગ ઓળખશે તુજને શે ?
પાગલ પ્રેમ અને દર્શન સોનું સુગંધ બનશે.
જ્યાં લગ પ્રેમ નહીં પ્રકટે !

(૪ નવેમ્બર ૧૯૪૫ રવિવાર)

* * *

## ૯૪. મને કોઈ જાણી શકે નહીં !

મને કોઈ જાણી શકે નહીં !
મારા સ્વરૂપને કોઈ ના સમજે, કોઈ પકડી શકે નહીં !
મને કોઈ જાણી શકે નહીં !

ચાહે જોગ કરે જતન કરે, મંત્રબળે માપી શકે નહીં,
જ્ઞાની તો બૂડી મુવા, તાગ કોઈયે પામી શકે નહીં !
મને કોઈ જાણી શકે નહીં !

ના જાણે કોઈ, પ્રેમ કરે તે ઝાંખી પામે જરી જરી,
અમે પ્રેમનગરનાં પંખી, અમને કોઈ પહોંચી શકે નહીં.
મને કોઈ જાણી શકે નહીં !

અમે વાંરવાર જગતમાં પ્રકટી શિક્ષા દેતા પ્રેમથકી,
કહે પાગલ પૂછો રામકૃષ્ણ કે બુદ્ધ ગયા છે એ સમજી.
મને કોઈ જાણી શકે નહીં !

* * *

## ૯૫. અમે તો નિત્યમુક્ત નિર્દ્વંદ્વ !

અમે તો નિત્યમુક્ત નિર્દ્વંદ્વ !
સચરાચરમાં વ્યાપક વિરાટ વિભુ અમે બળવંત.
અમે તો નિત્યમુક્ત નિર્દ્વંદ્વ !

જગહિતકાજે કરવો પડતો સાધનનો સૌ ફંદ,
અમે દેહથી રહિત છતાંયે આવી ધરતા અંગ !
અમે તો નિત્યમુક્ત નિર્દ્વંદ્વ !

ડૂબે જગ ના વિષયરસમહીં, ભૂલે ના સતપંથ,
તેને માટે પ્રકાશ ધરતા અમે તો અજ ને અનંત !
અમે તો નિત્યમુક્ત નિર્દ્વંદ્વ !

માયાના સ્વામી મુક્તિના પણ શિર પર રાજંત,
પાગલ કહે સમય પર અદૃશ્ય થતા રાખી અંગ !
અમે તો નિત્યમુક્ત નિર્દ્વંદ્વ !

* * *

## ૯૬. મન, તમે પ્રેમ કરી જાણો ના

મન, તમે પ્રેમ કરી જાણો ના.

પ્રેમને લઈ દઈ જાણો ના. મન, તમે પ્રેમ કરી જાણો ના.
જાણત તો તમે સંસારી મોહે હોત મોહાયા કદી ના.
મન, તમે પ્રેમ કરી જાણો ના.

જે અલિ પદ્મરસે રત તે ના જાય કદી ફૂલ કૃત્રિમ તેમાં;
નીરનું મત્સ્ય રહે તટપે ના; તો તો તમે રસ હોત બન્યા આ.
મન, તમે પ્રેમ કરી જાણો ના.

દર્દ ને દુઃખ અશાંતિના સ્વામી, મૃત્યુની સવારીએ હોત વિરાજ્યા;
સંતશિરે લઈ સ્થાન સદાયે ઈશ્વરપ્રેમી હોત ગણાયા.
મન, તમે પ્રેમ કરી જાણો ના.

* * *

## ૯૭. ઓ પ્રેમી ! પ્રેમ કર્યો મુજ સાથે

ઓ પ્રેમી ! પ્રેમ કર્યો મુજ સાથે ભાગ્ય મારું તે મોટું ગણું,
તુજ પ્રેમામૃત રસપાન કરાવી ઉજ્જવલ ભાગ્ય મહારું કર્યું:
તુજ પ્રેમમહીં ડૂબકી મારીને અંતર મારું દિવ્ય બન્યું,
ઓ પ્રેમી ! બદલામાં એવી તે કઈ વસ્તુ અણમોલ ધરું !

જેણે મુજમાં દર્શન કર્યું છે પરમાત્માનું
તે ધન્યભાગ્યના પર સાચે વારી જાઉં,
તેનો ઉપકાર સ્વરોમાં મારા શે ગાઉં !

તેનાં ચરણોની રજને પણ શિર પર ધારું
તો પ્રેમસિંધુ સાર્થક મારું એ નામ ખરું;
તેના અંતરમાં હંમેશ માટે સ્થાન ચહું;
જેણે જીવન પોતાનું મારું કાવ્ય કર્યું !

સ્ત્રી હો કે પુરૂષ ન તેનો ભેદ જરી જાણું,
જેણે મારે માટે જીવન જીવી જાણ્યું,
મારા સહવાસે સ્વર્ગમુક્તિમય સુખ માણ્યું,
તેનો પાગલ હું તેના પર વારી જાઉં !

* * *

## ૯૮. મારો શમે કેમ જ દાહ !

મારો શમે કેમ જ દાહ !
વિચારી બહુ જોયું સૂઝતી મને ના કો' વાત. ... મારો.

ફૂલશય્યાએ સુઈ રહું, અત્તરે મલું કાય,
લેપ ચંદનના કર્યે પણ શાંતિ કેમ જ થાય ! ... મારો.

પંચસ્નાન કરું, બરફ પર પડી રહું હરકાલ,
તોય જાગી આગ અંતરની દઝાડી જાય. ... મારો.

કહે પાગલ જાણમાં હો તો બતાવ ઉપાય,
દવા દર્શન, એક આલિંગન, સ્વરતશ્રી ધાર ! ... મારો.



* * *

## ૯૯. ઓ મોરે ઠાકુર આવો

ઓ મોરે ઠાકુર આવો, પ્રેમામૃતથી સ્નાન કરાઓ !

પ્રેમામૃતથી સ્નાન કરાઓ, પ્રેમામૃતવચપાન કરાવો,
નયન નિહાળી અમૃત ઢાળો, ઓ મોરે હૃદયેશ્વર, આવો !

દિલનો શમશે દાહ મ્હારો કેમ કરી જો નહીં પધારો,
વિરહ પ્રજાળી હરવિશ ખાતો, ભસ્મ હું તેમાં હરદમ થાતો !

ક્યાં લગ રહું અશાંત જ આવો, ક્યાં લગ જીવું કરી પોકારો,
વીલા જેવો ફરું છું બિચારો, ક્યારે વિસ્તાર થશે મારો !

તમારા સમો કોણ મ્હારો, તમારા સમો કોણ સહારો,
તેથી તો બળતાં બળતાંયે કરૂં છું પુકાર પધારો !

તમારો છું કહેતાં મુજને તો આવે લાજ સદા ઓ !
હોઉં તમારો તો ક્ષણવારે અળગા રહો કદા ઓ !

આવો નાથ ! હવે તો આવો, નહિ તો હૈયે હોળી જલાઓ,
પાગલ થઉં તમારી પાછળ બલિ ક્યાં લગ રહું આવો !

*   *   *

## ૧૦૦. મા, કરને તું વકીલાત !

મા મા, કરને તું વકીલાત !
પ્રભુને મારાવતી મ્હારે માટે દે તું અવાજ ! ... મા મા.

નથી મ્હારી તરફ નિરખતા ઠારી હરનિશ આંખ,
કૃપા કરીને કરી તું દેને મારી એને વાત ... મા મા.

બહુ બહુ દિવસો વીત્યા મુજને દીધો નહીં જવાબ,
સંભાળી દે ને મા, નહિ તો જાશે એની લાજ. ... મા મા.

મનાવને તું, સાથ લઈને આવ મ્હારી પાસ,
એકવાર નિરખી લઉં નેનન ઠારી એ છે આશ. ... મા મા.

પકડીને પણ સાથ લાવજે : સમાધિ છોને થાય,
પાગલ કહે મ્હારા જીવનની આ એક જ આશ ! ... મા મા.

* * *

## ૧૦૧. જાણું છું, ચાલો મ્હારી સાથ

જાણું છું, જાણું છું, ચાલો મ્હારી સાથ
તમે આવો મ્હારી સાથ !

મારા વિના પળવાર તમે લઈ ના જ શકો છો શ્વાસ,
મારી જ હૂંફમાં શાંતિ તમારે ઉત્સવ રોજે થાય !

શ્વાસ બની અંગમાં પ્રકટ્યા છો, બહાર પડો બની ગાન;
આંખમાં તેજ અંગે ચમકાર ને ચિત્તે બનો એ વિચાર.

ચાલું તો વાયુ બની સ્પર્શ ચાખો, પૃથ્વીરૂપે ચુમો પાય,
આકાશતારા ને સૂર્યચંદ્રે કરો દર્શન મારું સદાય.

પાગલ પાસે તમારા સ્વરૂપની ખોલી તમે જ છે વાત,
એમ જાણું છું કે મારા વિના નહીં જીવનનો તમ સ્વાદ.

* * *

## ૧૦૨. હું પ્રેમને શું જાણું !

હું પ્રેમને શું જાણું !

તુ જ યાદ સાથે આંખમાંહે સરી જાયે આંસુ,
તુજ સ્મરણ સાથે અંગ રોમાંચિત અને મદમાતું !

તારા વિના જીવન જણાઈ રહ્યું છેક અકારું :
એ સર્વ પ્રેમીની નજીક હું પ્રેમને શું જાણું !

તારી જ પાછળ જે દીવાના, ગાળ્યું જીવન સારું,
અનિકેત નિર્મમ થયા, મારી વાત ત્યાં ક્યાં માંડુ ?

પાગલ કહે તું જ કર કૃપા તો ગાઉં તારું ગાણું,
તું જ ના ફૂંકે તો અંગ મારું પડી રે'શે ઠાલું !

(૪ નવેમ્બર ૧૯૪૫)

* * *

## ૧૦૩. રામકૃષ્ણ બોલ

રામકૃષ્ણ રામકૃષ્ણ રામકૃષ્ણ બોલ,
રામકૃષ્ણ રામકૃષ્ણ રામકૃષ્ણ બોલ !

રામકૃષ્ણ વિના બીજું બધુંયે છે ફોક,
રામકૃષ્ણ વિના બીજું કાંઈ નહીં બોલ !

આનંદ કરાવે તને સંસારનું સ્ત્રોત,
નાચે છે કેવો જોઈને સંસારના ભોગ,
આનંદે નાચીને તેવો રામકૃષ્ણ બોલ.

ભય અહીં કેવો, તારું હૈયું પૂરું ખોલ,
એકમાં પ્રભુ ને બીજે હૈયું તારું તોલ;
રામકૃષ્ણ વિના કહે તારું એવું કોણ ?

ઊંઘથી ઊઠીને તારી આંખ જરી ખોલ,
પ્રેમની સુધામાં જરી વાર તો ઝબોળ,
નાચે છે જો રામકૃષ્ણ પાગલની જોડ !

* * *

## ૧૦૪. રામકૃષ્ણદેવ સાથે કરી લે સગાઈ

રામકૃષ્ણદેવ સાથે કરી લે સગાઈ રે.

પ્રીત ના કરી તો કરી બોલ શી કમાઈ રે ?
જિંદગી સોનાની તેં તો હાથથી ગવાઈ રે ... રામકૃષ્ણદેવ.

હજીયે ગુમાવ્યો નથી કાળ તેં તો કોઈ રે,
બાકી રહ્યો કાળ હવે સાચે લે સંભાળી રે. ... રામકૃષ્ણદેવ.

પ્રેમ વિના બીજી બધી મિથ્યા જાણ બાજી રે,
ભુલાવી મોહાવી તને કરે ધૂળધાણી રે. ... રામકૃષ્ણદેવ.

પાગલ કહે મારે તો રોજ છે ઉજાણી રે,
રામકૃષ્ણદેવ સાથે ગાંઠ બાંધી તાણી રે. ... રામકૃષ્ણદેવ.

* * *

## ૧૦૫. યાદ મને શી આવે

યાદ મને શી આવે, આજે યાદ મને શી આવે,

અભય વરદ કર શિર પર ધારી ખડ્ગ હાથમાં એક ઉઠાવી,
ઊભી રહી પ્રકટી મા કાલી, નરેનની પ્રતિ ભાવે ! ... યાદ મને.

માગ રે માગ તું જે પણ ચાહે.
સુમધુર સ્વરૂપ માનું નિહાળી નયનમહીંથી ભક્તિ ચાલી;
અંગ અંગ રોમાંચિત થાતાં મા મા'ની ગત હૃદયે વ્યાપી.
એવું શું માની પાસે માગે. ... યાદ મને.

પ્રેમ ભક્તિ માતા, મુજને દે – વિવેક ને વૈરાગ્ય મહા દે,
સંસારી વિષયો શે માગે, માને જોઈ વિસારે.
ત્રણે સમયે બસ આ વર માગે. ... યાદ મને.

એમ હું યે આજે શું માગું, તારો પ્રેમ જ કેવલ યાચું;
પાગલ કહે પરમતા મારે તારે હૈયે ક્ષણ પણ રાચું.
આથી ભાગ્ય પરમ ના મારે. ... યાદ મને.

(૫ નવેમ્બર ૧૯૪૫ સોમવાર ૨, દેવપ્રયાગ)

* * *

## ૧૦૬. તારા પ્રેમાવેશમહીં

તારા પ્રેમાવેશમહીં નહિ ભૂલી જઉં કર્તવ્યનું ભાન,
તારા પ્રેમોદ્રેકમહીં નહિ મૂકી દઉં કર્તવ્યનું ભાન.

છોને ગમે તેટલો પ્રેમ તહારો કરે રસે ગુલતાન,
પાગલ છેક બનીને ભલે કર્યા કરું હંમેશ તેનું પાન,
તેની મસ્તીમાં ડૂબી પણ ભૂલું નહિ કર્તવ્યનું ભાન
તારા પ્રેમાવેશમહીં નહિ ભૂલી જઉં કર્તવ્યનું ભાન,

જે રિદ્ધિ સિદ્ધિ ને તુચ્છ ગણી ભાવ-અવતાર,
તે સર્વ ભાવના તે જનની હો તેમને જ કુરબાન,
ઐશ્વર્ય તહારી જેમ રિદ્ધિ ને સિદ્ધિ હું તો ચહું આજ.
તારા પ્રેમાવેશમહીં નહિ ભૂલી જઉં કર્તવ્યનું ભાન,

કાયાને તુચ્છ ગણી જેણે ને જોઈ મૃત્યુવાટ,
તે સર્વ સાધના પર માત્ર ના આંખ આજ ઠરનારઃ
યુગયુગલગ મારે અમર બનીને સિદ્ધ બનવું જગમાંહ્ય,
તારા પ્રેમાવેશમહીં નહિ ભૂલી જઉં કર્તવ્યનું ભાન,

ના કેવલ દર્શન પામ્યે તૃપ્તિ વળે મુજને તો આજ,
યોગીન્દ્ર બનીને જીવવું મારે તારા જગની માંહ્ય.
સ્વામી તારાસમ થવું છે મારે પંચભૂતના સારાં,
તારા પ્રેમાવેશમહીં નહિ ભૂલી જઉં કર્તવ્યનું ભાન,


જાણું છું કે તારા પ્રેમામૃતનું કરતાં કરતાં પાન,
મારો તું થશે તે સમયે તારો પણ હું બનીશ મહાન.
પણ કોઈપણ બ્હાને તું મારો રોકી શકે ના રાહ,
તારા પ્રેમાવેશમહીં નહિ ભૂલી જઉં કર્તવ્યનું ભાન,

* * *

**સમાપ્ત**

* * *

**ABOUT THE AUTHOR**



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી વિરહાતુર બની 'મા' ના દર્શન માટે પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ૠષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહીંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદ્ ભુત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas) |
| **ગદ્યકાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સ્વાતિબિંદુ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite |
| **ગીતો** | હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભીપ્સા ▪ પ્રસાદ ▪ **પ્રેમાલાપ** ▪ અંતરનો અનુરાગ ▪ સ્વર્ગીય સૂર ▪ સંતવાણી ▪ સાંઈ સંગીત ▪ તુલસીદલ |
| **મહાકાવ્યો** | રામાયણ દર્શન ▪ કૃષ્ણ રુક્મીણિ ▪ ગાંધી ગૌરવ ▪ (રામકૃષ્ણ) રસામૃત |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા ▪ શ્રીરામ કથામૃત |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪ |
| **પદ્યાનુવાદ** | ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન |
| **પ્રવચનો** | અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ |
| **પ્રસંગો** | ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **પ્રવાસ** | તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **વાર્તાઓ** | રોશની |
| **નાટક** | રામનું હૃદય |

*

**For more information**
**on Life and works**
**of**

## Shri Yogeshwarji



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**